સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 40

[OCTOBER - 2023]
[01/10/23 to 07/10/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.



CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**01 OCT-2023**


- દિવસ મહિમા : 01 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ, વિશ્વ શાકાહાર દિન ..... 02
- WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2023માં ભારત 40માં ક્રમે ..... 02
- The World University Rankings 2024 ..... 04
- ગુજરાતમાં મળી આવ્યું અત્યંત દુર્લભ ધાતુ વેનેડિયમ ..... 05
- QUESTION ANSWERS ..... 07


**02 OCT-2023**


- દિવસ મહિમા : 02 ઓક્ટોબર, મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન), શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન ..... 08
- મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતી ..... 10
- સૌરાષ્ટ્રને મળી પ્રથમ 'વંદે ભારત' એક્સપ્રેસ ..... 21
- ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ (World Habitat Day) ..... 22
- QUESTION ANSWERS ..... 23


**03 OCT-2023**


- વાઈબ્રન્ટ ગુજરાત સમિટના 20 વર્ષની ભવ્ય ઉજવણી ..... 24
- વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024ની વેબસાઈટ, મોબાઈલ એપ લોન્ચિંગ અને બ્રોશરનું અનાવરણ ..... 24
- 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-2023' ગુજરાત વિધાનસભામાંથી પસાર ..... 25
- સંકલ્પ સપ્તાહ (Sankalp Saptah) ..... 26
- GPSCના પૂર્વ અધ્યક્ષ શ્રી દિનેશ દાસા સરને UPSCમાં સભ્યપદે નિયુક્ત કર્યા ..... 27
- QUESTION ANSWERS ..... 28


**04 OCT-2023**


- દિવસ મહિમા : 04 ઓક્ટોબર, વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day) ..... 29
- જામનગરના ખીજડીયા ગામને બેસ્ટ ટુરીઝમ વિલેજ 2023નો એવોર્ડ ..... 29
- અરૂણાચલ પ્રદેશના ન્યુકમડુંગ ગામમાં દેશના પ્રથમ યાકના દૂધનું પાર્લર ..... 30
- બિહાર જાતિ સર્વેક્ષણના પરિણામો જાહેર ..... 30
- QUESTION ANSWERS ..... 32


**05 OCT-2023**


- દિવસ મહિમા : 05 ઓક્ટોબર, વિશ્વ શિક્ષક દિવસ, રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ ..... 33
- SAMPRITI-XI અભ્યાસ : ભારત-બાંગ્લાદેશ ..... 34
- AUKUS : યુકેએ પરમાણુ સંચાલિત સબમરીન માટે, બિલિયન પાઉન્ડનો કોન્ટ્રાક્ટ આપ્યો ..... 34
- RBI I-CRR બંધ કરશે ..... 35
- QUESTION ANSWERS ..... 39


**06 OCT-2023**


- નાગોર્નો-કારાબાખ પર અઝરબૈજાન-આર્મેનિયા સંઘર્ષ ..... 40
- UNCTADએ ભારતનો 2023 વૃદ્ધિ અનુમાન વધારીને 6.6% કર્યો ..... 42
- QUESTION ANSWERS ..... 43


**07 OCT-2023**


- દિવસ મહિમા : 07 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ (World Cotton Day) ..... 44
- ભારત-કેનેડા સંબંધો (India-Canada Relations) ..... 44
- QUESTION ANSWERS ..... 48

ONE LINER ..... 49

QUESTION OF THIS WEEK ..... 54


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય પ્રોઢ દિવસ (International Day of Older Persons)
## (2) વિશ્વ શાકાહાર દિન (World Vegetarian Day)

### આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસને 'વિશ્વ પ્રોઢ દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વૃદ્ધ લોકો સાથે થતા અન્યાયનો અંત લાવવાના ઉદ્દેશથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2023ના આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસની થીમ '**Fulfilling the Promises of the Universal Declaration of Human Rights for Older Persons : Across Generations**' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2023માં ભારત 40માં ક્રમે

ટૂંકમાં WIPO તરીકે 'World Intellectual Property Organization' દ્વારા તાજેતરમાં Global Innovation Index (GII) - 2023 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ રિપોર્ટમાં ઈનોવેશનના આધારે 132 દેશોને રેન્ક આપવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના 132 દેશોમાં ભારત 40માં ક્રમે છે.
- આ અગાઉ 2022માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં પણ ભારત 40માં ક્રમે હતું.
- વર્ષ 2023માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે. જે છેલ્લા કેટલાક વર્ષોથી આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ સ્વીડન, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગ્ડમ અને સિંગાપોર આવે છે.

## Global Innovation Index 2023 Rank

| Rank | Country |
|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ |
| 2 | સ્વીડન |
| 3 | યુનાઈટેડ સ્ટેટ્સ |
| 4 | યુનાઈટેડ કિંગ્ડમ |
| 5 | સિંગાપોર |
| 6 | ફિનલેન્ડ |
| 7 | નેધરલેન્ડ |
| 8 | જર્મની |
| 9 | ડેનમાર્ક |
| 10 | રિપબ્લિક ઓફ કોરિયા |

| Rank | Country |
|---|---|
| 12 | ચીન |
| 13 | જાપાન |
| 40 | ભારત |
| 88 | પાકિસ્તાન |
| 90 | શ્રીલંકા |
| 105 | બાંગ્લાદેશ |
| 108 | નેપાળ |
| 131 | નાઈઝર |
| 132 | અંગોલા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2023 વિશે

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII) 'વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન' (WIPO) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જે સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી છે.

- GIIનો ઉદ્દેશ વિશ્વની 132 અર્થવ્યવસ્થાના સંદર્ભમાં નવીનીકરણ રેન્કિંગ અને સમૃદ્ધિ વિશ્લેષણના બહુ–પરિમાણીય પાસાઓ પરની પક્કડ મજબૂત કરવાનો છે.
- આ રિપોર્ટ પોર્ટુલન્સ સંસ્થા અને અન્ય કોર્પોરેટ ભાગીદારો સાથે ભાગીદારીમાં પ્રકાશિત થાય છે.
- વર્ષ 2023માં પ્રસિદ્ધ થયેલું આ 16મું GII Ranking હતું.
- આ ઈન્ડેક્સ વિશ્વની અર્થવ્યવસ્થાઓને તેમની નવીનતાની ક્ષમતા અનુસાર ક્રમ આપે છે.

**નોંધ :** (1) WIPOની સ્થાપના વર્ષ 1967માં થઈ હતી. અને વર્ષ 1970માં તે અમલમાં આવ્યું હતું.
(2) તે સંયુક્ત રાષ્ટ્રની સૌથી જૂની એજન્સીઓમાંની એક છે.
(3) WIPO એ બૌદ્ધિક સંપદા (IP) સેવાઓ, નીતિ અને સહયોગ માટેનું વૈશ્વિક મંચ છે.

# The World University Rankings 2024

તાજેતરમાં ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) - વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ-2024ની આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી.

- The World University Rankingsની આ 20મી આવૃત્તિ છે.
- આ આવૃત્તિમાં 108 દેશો અને પ્રદેશોની 1,904 યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.
- આ આવૃત્તિમાં ગયા વર્ષ કરતા 105 જેટલી વધુ યુનિવર્સિટીને આવરી લેવામાં આવી છે, ગયા વર્ષે 104 દેશો અને પ્રદેશોની 1,799 યુનિવર્સિટીને સ્થાન આપવામાં આવ્યું હતું.
- આ ઈન્ડેક્સમાં યુકેની ઓક્સફોર્ડ યુનિવસિર્ટી સતત આઠમાં વર્ષે ટોચના સ્થાને રહી છે.
- આ રેન્કિંગમાં 91 ભારતીય સંસ્થાઓને સ્થાન આપવામાં આવ્યું છે. વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં ભારત હવે ચોથા ક્રમે શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) એ ભારતીય સંસ્થાઓમાં શિક્ષણ અને સંશોધન માટે તેના પ્રદર્શન સ્કોર માટે ટોચનું સ્થાન ધરાવે છે.
- વૈશ્વિક સ્તરે IISc 201-250 બેન્ડમાં મૂકવામાં આવ્યું છે.

## The World University Ranking 2024 : Top 5 University in the World

| Rank | Name of the Institute |
|---|---|
| 1 | University of oxford, United Kingdom |
| 2 | Standford University, United States |
| 3 | Massachusetts Institute of Technology, United States |
| 4 | Harvard University, United States |
| 5 | University of Cambridge, United Kingdom |



## The World University Rankings 2024 : Indian University

| Band | Name of the Institute |
|---|---|
| 201-250 | IISc Bangaluru, Karnataka |
| 501-600 | Anna University, Chennai, Tamilnadu |
| 501-600 | Jamia Millia Islamia, New Delhi, Delhi |
| 501-600 | Mahatma Gandhi University(MGU), Kottayam, Kerla |
| 501-600 | Shoolini University of Biotechnology and Management Science, Solan - Himachal Pradesh |
| 601-800 | Alagappa University, Karaikudi, Tamilnadu |

નોંધ: (1) ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) અગાઉ ટાઈમ્સ હાયર એજ્યુકેશન સપ્લિમેન્ટ (THES) તરીકે ઓળખાતું હતું. તે એક સામયિક છે જે ફક્ત ઉચ્ચ શિક્ષણ સંબંધિત સમાચારો અને મુદ્દાઓ પર રિપોર્ટિંગ કરે છે.

(2) તે 13 પ્રદર્શન સૂચકાંકો પર આધારિત છે જે ચાર ક્ષેત્રોમાં સંસ્થાના પ્રદર્શનને માપે છે : શિક્ષણ, સંશોધન, જ્ઞાન સ્થળાંતર અને આંતરરાષ્ટ્રીય દષ્ટિકોણ તથા વિશ્વભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સરકારો અને ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા વિશ્વસનીય છે.

## ગુજરાતમાં મળી આવ્યું અત્યંત દુર્લભ ધાતુ વેનેડિયમ



ઘણા ઉદ્યોગોમાં એક મહત્ત્વના કાચા માલ તરીકે ઉપયોગ થતું અત્યંત દુર્લભ વેનેડિયમ ગુજરાતમાંથી મળી આવ્યું છે.

- ગુજરાતના ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં ભાવનગર અને સુરત જિલ્લા વચ્ચે આવેલા ખંભાતના અખાતમાંથી આ દુર્લભ ધાતુ વેનેડિયમ મળી આવી છે.
- જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)એ સંશોધન હાથ ધર્યુ હતું અને વેનેડિયમના આ સંભવિત નવા સ્ત્રોતની જાણ કરી હતી.

- GSIએ ખંભાતના અખાતમાંથી અનેક કાંપના નમૂનાઓ એકત્ર કર્યા હતા, જેમાંથી ટાઈટાનોમેગ્નેટાઈટ નામના ખનીજમાંથી તે મળી આવ્યું છે.
- વેનેડિયમ કુદરતી રીતે તેના શુદ્ધ સ્વરૂપમાં ભાગ્યે જ જોવા મળે છે, વેનેડિયમ 55 થી વધુ વિવિધ ખનિજોમાં જોવા મળે છે.

## વેનેડિયમ વિશે

વેનેડિયમ એ એક રાસાયણિક તત્ત્વ છે, જેની સંજ્ઞા 'V' છે.

- વેનેડિયમનો અણુક્રમાંક 23 છે.
- તે એક દુર્લભ તત્ત્વ છે, જે સખત, રાખોડી, ચળકતી અને નમ્ર સંક્રમણ ધાતુ (Transition Metal) છે.
- વેનેડિયમની શોધ 1801માં સ્પેનિશ–મેક્સીકન ખનિજશાસ્ત્રી એન્ડ્રેસ મેન્યુઅલ ડેલ રિઓ દ્વારા કરવામાં આવી હતી.
- જોકે તેમની શોધને શરૂઆતમાં ફગાવી દેવામાં આવી હતી અને સ્વીડિશ રસાયણશાસ્ત્રી નિલ્સ ગેબ્રિયલ સેફસ્ટ્રોમે 1830માં આ તત્ત્વની પુનઃશોધ કરી હતી.
- વેનેડિયમનો ઉપયોગ મુખ્યત્વે આયર્ન અને સ્ટીલ ઉદ્યોગમાં મિશ્રિત તત્ત્વ તરીકે થાય છે.
- અને અમુક અંશે એરોસ્પેસ ઉદ્યોગમાં વપરાતા ટાઈટેનિયમ અને એલ્યુમિનિયમ એલોયમાં સ્ટેબિલાઈઝર તરીકે થાય છે.
- વેનેડિયમના આધુનિક કાર્યક્રમોમાં આ ઉપરાંત પાવર પ્લાન્ટ્સ માટે વેનેડિયમ સેકન્ડરી બેટરી અને વ્યાપારી કાર્યક્રમો માટે રિચાર્જેબલ વેનેડિયમ રેડક્સ (VRB) તરીકે તેનો ઉપયોગ સામેલ છે.
- વેનેડિયમના ઓછા ન્યુટ્રોન–શોષક ગુણધર્મોને કારણે વેનેડિયમ એલોયનો ઉપયોગ ન્યુક્લિયર રિએક્ટરમાં થાય છે.

**નોંધ :** (1) વેનેડિયમનો સૌથી મોટો ભંડાર ચીનમાં છે, ત્યારબાદ અનુક્રમે રશિયા અને દક્ષિણ આફ્રિકા છે.

(2) ભારતીય ખાણ બ્યૂરોના જણાવ્યા અનુસાર ભારતમાં વેનેડિયમનો કુલ અંદાજિત ભંડાર આશરે 24.63 મિલિયન ટન છે. તેમાંથી અંદાજિત વેનેડિયમ પેન્ટોક્સાઈડ 64,594 ટન છે.

(3) ભારત વાર્ષિક 3,360 મેટ્રિક ટન વેનેડિયમનો વપરાશ કરે છે, જે વિશ્વના વપરાતા વેનેડિયમના 4% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ' અથવા તો 'વિશ્વ પ્રૌઢ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર **(A)**

2. 'વિશ્વ શાકાહાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્બર **(A)**

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2023'માં કુલ 132 દેશોમાં ભારત કયા ક્રમે છે ?

(A) 42 (B) 40 (C) 38 (D) 36 **(B)**

4. 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2023માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) જાપાન (C) અમેરિકા (D) ચીન **(A)**

5. તાજેતરમાં The World University Rankings-2024ની આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. આ આવૃત્તિમાં 108 દેશો અને પ્રદેશોની 1,904 યુનિવર્સિટીને સ્થાન આપવામાં આવ્યું છે.
2. આ રેન્કિંગ્સમાં યુકેની ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે.
3. આ રેન્કિંગ્સમાં 91 ભારતીય સંસ્થાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) 1, 2 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 2 **(B)**

6. તાજેતરમાં ગુજરાતમાં અત્યંત દુર્લભ ધાતુ 'વેનેડિયમ' મળી આવ્યું હતું. આ વેનેડિયમ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. તે એક રાસાયણિક તત્ત્વ છે, જેની સંજ્ઞા 'V' છે.
2. વેનેડિયમનો અણુક્રમાંક 23 છે.
3. વેનેડિયમનો સૌથી મોટો ભંડાર ચીનમાં છે.
4. ભારત વૈશ્વિક સ્તરે સૌથી વધુ વેનેડિયમનો ઉપયોગ કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 2 ઓક્ટોબર, (1) મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન)
## (2) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન

### શ્રી લાલ બહાદુર શાસ્ત્રી




**શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** ભારતના **બીજા વડાપ્રધાન** હતા. ભારતના બીજા વડાપ્રધાન તરીકે તેમણે **9 જૂન 1964**થી **11 જાન્યુઆરી, 1966** દરમિયાન સેવા આપી હતી.

- તેમનો જન્મ **2 ઓક્ટોબર, 1904**ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **મુગલસરાય**માં થયો હતો.
- **'જય જવાન, જય કિસાન'**નો નારો આપનાર શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે ઉત્તરપ્રદેશના પરિવહન મંત્રી હતા ત્યારે તેમણે **બસ-કંડક્ટર**ના પદ પર **ભારતમાં પ્રથમવાર મહિલા**ને નિયુક્ત કરીને નવો ચીલો ચાતર્યો હતો.
- ત્યારબાદ ગૃહવિભાગના મંત્રી તરીકે તેમણે **લાઠીચાર્જ**ની જગ્યાએ (ફૂલ પ્રેશરથી) **પાણી છાંટવા**નો પ્રયોગ કરી તેનો પ્રારંભ કરાવ્યો હતો.
- તેઓ જ્યારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે **1965**માં **ભારત-પાકિસ્તાન યુદ્ધ** થયું હતું. જેમાં પાકિસ્તાનની શરમજનક હાર થઈ હતી.
- આ યુદ્ધ સમાપ્ત થયા બાદ **11 જાન્યુઆરી, 1966**ના રોજ **ઉઝબેકિસ્તાન**ની રાજધાની **તાશ્કંદ** ખાતે ભારતના વડાપ્રધાન **શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ **શ્રી અયૂબ ખાન** વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા.
- આ કરાર **'તાશ્કંદ કરાર'** તરીકે ઓળખાય છે.
- જે દિવસે 'તાશ્કંદ કરાર' થયા એ જ દિવસે એટલે કે **11 જાન્યુઆરી, 1966**ની રાત્રે **તાશ્કંદ** ખાતે જ શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું.
- જોકે, તેમનું મૃત્યુનું સત્તાવાર કારણ **હાર્ટએટેક** ગણાવવામાં આવ્યું છે.
- નવી દિલ્હી ખાતે આવેલું તેમનું સમાધિ સ્થળ **'વિજયઘાટ'** તરીકે ઓળખાય છે.
- વર્ષ **1966**માં તેમને સૌપ્રથમ વખત મરણોપરાંત ભારતના સર્વોચ્ચ સન્માન **'ભારત રત્ન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ અહિંસા દિન



**મહાત્મા ગાંધીજી**નો **જન્મદિવસ 2 ઓક્ટોબર** દર વર્ષે સમગ્ર વિશ્વમાં **'વિશ્વ અહિંસા દિન'** તરીકે ઉજવાય છે.

- આ માટે **15 જૂન, 2007**ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું.
- જેમાં મહાસભાના તમામ સભ્યોએ 2 ઓક્ટોબરના રોજ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરવા માટે સહમતિ આપી હતી.
- ત્યારબાદ **2 ઓક્ટોબર, 2007**થી સમગ્ર વિશ્વમાં દર વર્ષે આ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- સૌપ્રથમ **જાન્યુઆરી 2004**માં **ઈરાન**ના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રીમતી શિરિન ઈબાદીએ 'વિશ્વ અહિંસા દિવસ'**ની ઉજવણીનો વિચાર રજૂ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધઃ** (1) ભારતમાં **નવી દિલ્હી** ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની સમાધિને **'રાજઘાટ'** નામ આપવામાં આવ્યું છે.

(2) મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ 'રાજઘાટ' ઉપરાંત ગુજરાતમાં **કચ્છ** જિલ્લાના **ગાંધીધામ- આદિપુર** ખાતે પણ ગાંધીજીની **એક સમાધિ** આવેલી છે.

(3) ગાંધીધામ–આદિપુર ખાતે આવેલી આ ગાંધી સમાધિમાં મહાત્મા ગાંધીજીના અસ્થિફૂલ સચવાયેલા હોવાથી આ ગાંધી સમાધિનું પણ વિશેષ મહત્ત્વ છે.

(4) ગુજરાતમાં **કચ્છ** જિલ્લાના **માંડવી** તાલુકાના **કોટડી (અથવા તો મહાદેવપુરી)** ગામમાં **1948**માં ગાંધીજીના નિધન બાદ ભારતના **પ્રથમ ગાંધી મંદિર**નું નિર્માણ થયું હતું.

(5) વર્ષ 2023માં મહાત્મા ગાંધીજીની 154મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

# મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતી

## ગાંધીજીના દાદા અને પિતાશ્રી

મહાત્મા ગાંધીજીનું પૂરું નામ શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમના દાદાનું નામ શ્રી ઉત્તમચંદ ગાંધી હતું. તેમના દાદા શ્રી ઓતા ગાંધી તરીકે પણ ઓળખાય છે.

- શ્રી ઓતા ગાંધીને છ દીકરા હતા. તેમાં શ્રી કરમચંદ ગાંધી તેમના પાંચમા દીકરા હતા. તેમના છઠ્ઠા દીકરાનું નામ તુલસીદાસ હતું.
- ગાંધીજીના પિતા શ્રી કરમચંદ ગાંધી શ્રી કબા ગાંધી તરીકે પણ ઓળખાય છે.
- શ્રી કબા ગાંધી સૌપ્રથમ પોરબંદર અને ત્યારબાદ રાજકોટ અને વાંકાનેરના દીવાન હતા.
- મરણ સમયે તેઓ રાજકોટ દરબારના પેન્શનર હતા.
- ગાંધીજીના પિતાશ્રીના એક પછી એક એમ ચાર ઘર (લગ્ન) થયા હતા. જેમાં તેમને ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ હતી. તેમાં મહાત્મા ગાંધીજી સૌથી નાના હતા.

## ગાંધીજીનો જન્મ

મહાત્મા ગાંધીજીનો જન્મ શ્રી કરમચંદ ગાંધીજીના ચોથા અને છેલ્લા પત્ની શ્રીમતી પૂતળીબાઈની કૂખે 2 ઓક્ટોબર, 1869 અથવા તો ભાદરવા વદ 12ને સંવત 1925ના રોજ, પોરબંદર અથવા તો સુદામાપુરીમાં થયો હતો.

- શ્રીમતી પૂતળીબાઈને એક દીકરી અને ત્રણ દીકરા હતા.
- મહાત્મા ગાંધીજીનો જન્મ દિન 2 ઓક્ટોબર 'વિશ્વ અહિંસા દિન' તરીકે ઉજવાય છે.
- ગાંધીજીનો જન્મ બારસને દિવસે થયો હોવાથી તેમનો જન્મ દિન 'રેંટિયા બારસ' તરીકે પણ ઉજવાય છે.
- મહાત્મા ગાંધીજીનો જન્મ 'ગુજરાત હિંદુ મોઢ (વૈષ્ણવ) વણિક' પરિવારમાં થયો હતો.
- તેમના વડવાઓ વ્યવસાયે ગાંધિયાણા (કરિયાણા)નો ધંધો કરતા હતા. પરંતુ તેમની પહેલાની ત્રણ પેઢીએ ગાંધીનો વ્યવસાય કર્યો ન હતો.

## મહાત્મા ગાંધીજીનું બાળપણ-અભ્યાસ

મહાત્મા ગાંધીજીનું 6 વર્ષ સુધીનું બાળપણ પોરબંદરમાં જ વીત્યું હતું.

- ત્યાં તેમણે કોઈ સ્કૂલમાં અભ્યાસ પણ કર્યો હતો. અને તેમાં તેઓ થોડા પાડા શીખેલા.
- તેમના પિતાશ્રી પોરબંદરથી રાજકોટ રાજસ્થાનિક કોર્ટના સભ્ય તરીકે રાજકોટ ટ્રાન્સફર થયા ત્યારે ગાંધીજીની ઉંમર સાત વર્ષની હતી.
- મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં સૌપ્રથમ રાજકોટની ગામઠી નિશાળ શાળા નં. 5 (પ્રતાપ કુંવરબા શાળા)માં બાલમંદિરથી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજી ધોરણ 3માં નાપાસ થયા હતા.
- ત્યારબાદ તેમણે રાજકોટની પરા નિશાળ શાળા નં. 1 (કિશોરસિંહજી શાળા)માં એક વર્ષ અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે રાજકોટની શ્રી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં હાઈસ્કૂલનું શિક્ષણ મેળવ્યું હતું.
- મહાત્મા ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના પ્રથમ વર્ષમાં (એટલે કે ચોથા ધોરણમાં) હતા ત્યારે કેળવણીખાતાના ઇન્સ્પેક્ટર જાઈલ્સ તેમની શાળાની તપાસ માટે આવ્યા હતા.

- **ઈન્સ્પેક્ટર જાઈલ્સે** છોકરાઓને **પાંચ શબ્દ** લખવા માટે આપ્યા હતા. આ પાંચ શબ્દોમાંથી ગાંધીજીએ **'Kettle' (કેટલ)** શબ્દની જોડણી **ખોટી** લખી હતી.
- આથી તેમની સ્કૂલના માસ્તરે તેમને બૂટની અણી મારીને બીજા વિદ્યાર્થીમાંથી ભૂલ સુધારવા ચેતવ્યા હતા.
- પણ ચેતે તો એ ગાંધીજી શાના ? બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં તેમને કદી આવડયું જ ન હતું.
- આથી, ગાંધીજી સિવાયના બધા છોકરાના પાંચેય શબ્દ સાચા પડયા હતા. માત્ર ગાંધીજીની જ **'Kettle'** શબ્દની જોડણી ખોટી પડી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા ત્યારે હાઈસ્કૂલનું શિક્ષણ **ધોરણ 4**થી શરૂ થતું હતું. આથી **ભૂમિતિ** અને **સંસ્કૃત** વિષયો **ચોથા ધોરણ**થી શરૂ થતા હતા.
- જોકે, ગાંધીજીને શરૂઆતમાં **ભૂમિતિ** ખૂબ જ અઘરું લાગતું હતું..... પરંતુ **યુક્લિડના તેરમા પ્રમેય** ઉપર આવ્યા પછી ગાંધીજીને ભૂમિતિ સહેલામાં સહેલો વિષય લાગવા માંડયો હતો.
- ગાંધીજીને **સંસ્કૃતનું** શિક્ષણ **શ્રી કૃષ્ણાશંકર** માસ્તરે આપ્યું હતું.
- જોકે શ્રી કૃષ્ણાશંકર માસ્તર ખૂબ જ કડક હોવાથી તથા '**ફારસી** સંસ્કૃત કરતા સહેલું છે અને ફારસી શીખવનાર **મોલવી** પણ બહુ નરમ છે' એવું સાંભળીને ગાંધીજી એક વખત **સંસ્કૃત** છોડીને **ફારસી**ના વર્ગમાં બેસી ગયા હતા.
- ગાંધીજીને હાઈસ્કૂલના શિક્ષણના **બીજા વર્ષ**માં એટલે કે **પાંચમા ધોરણ**માં **માસિક ચાર રૂપિયા** અને હાઈસ્કૂલના **ત્રીજા વર્ષ**માં એટલે કે **છઠ્ઠા ધોરણ**માં **માસિક દસ રૂપિયા** શિષ્યવૃત્તિ મળી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા એ સમયે **સોરઠ પ્રાંતના વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી**ને આ શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી.
- ગાંધીજીને હાઈસ્કૂલમાં એક દમ ખાસ કહી શકાય તેવા **મિત્રો** ફક્ત **બે** જ હતા.
- ગાંધીજીએ **મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા **ઈ.સ. 1887**માં પાસ કરી હતી.
- ગાંધીજીએ કોલેજનો અભ્યાસ મુંબઈ કરતા ભાવનગરનો ખર્ચ ઓછો હોવાથી **ભાવનગરની શામળદાસ કોલેજ**માં કર્યો હતો.

## બાળપણમાં ધાર્મિક સંસ્કાર

બાળપણમાં ગાંધીજીના મન પર તેમના **પિતાશ્રી**એ ખરીદેલા પુસ્તક **'શ્રવણપિતૃભક્તિ નાટક'** તથા કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી જોયેલ **પોતાના માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા 'શ્રવણ'**ના **ચિત્ર**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી છાપ પડી હતી.

- ગાંધીજીને બાળપણમાં **વાજું** વગાડવાનો શોખ હતો અને તેમના **પિતાશ્રી**એ તેમને એક વાજું પણ અપાવ્યું હતું.
- શ્રવણના મૃત્યુ સમયે તેમના **માતાપિતાના વિલાપ અંગેના છંદ**ને ગાંધીજીએ **વાજામાં** પણ ઉતાર્યો હતો.
- આ સમયે ગાંધીજીને વારંવાર **શ્રવણ** જેવા બનવાની ઈચ્છા થતી હતી.
- આ ઉપરાંત એ સમયે ગાંધીજીએ **હરિશ્ચંદ્રનું નાટક** (અથવા તો **આખ્યાન**) પણ જોયું હતું.
- એ નાટક એમણે અનેક વખત એમના મનમાં ભજવ્યું છે. અને એ સમયે **"હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય ?... હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવી સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય."** એવા વિચારો એમના મનમાં રમતા હતા.
- **હરિશ્ચંદ્રનું** દુઃખ જોઈ, તેમનું સ્મરણ કરી **ગાંધીજી** ખૂબ જ **રોયા** છે.
- આમ, **હરિશ્ચંદ્ર અને શ્રવણ**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી અસર હતી.
- ગાંધીજી બાળપણમાં ભૂતપ્રેત આદિથી ખૂબ જ ડરતા હતા. આથી ગાંધીજી જેને **'દાઈ'** કહીને બોલાવતા હતા તે, તેમની **જૂની નોકર રંભા**એ ગાંધીજીને **'ભૂતપ્રેતનું ઔષધ રામનામ છે'** એવું સમજાવ્યું હતું.
- આથી ગાંધીજીએ બાળવયે જ **ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામ**નો **જપ** શરૂ કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એ સમયે ગાંધીજીના એક **કાકાના દીકરાએ** ગાંધીજી તથા તેમના ભાઈને **રામરક્ષાનો પાઠ** શીખવ્યો હતો.
- આ સમયે ગાંધીજીના મન પર **'રામાયણની પારાયણે'** પણ ખૂબ જ ઊંડી છાપ પાડી હતી.
- એ સમયે **બીલેશ્વર**ના **લાધા મહારાજ** રામજી મંદિરમાં રોજ રાત્રે **રામાયણનો પાઠ સંભળાવતા** હતા. આથી આ રામાયણ સાંભળવા ગાંધીજી રોજ રાત્રે રામજી મંદિરે જતા હતા.
- ગાંધીજીને **સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ** રાખવાની તાલીમ **રાજકોટ**માં મળી હતી.
- કારણ કે તેમના માતાપિતા હવેલી, શિવાલય અને રામમંદિરમાં પણ જતા હતા અને ગાંધીજી તથા તેમના ભાઈને સાથે લઈ જતા હતા.
- બાળપણમાં ગાંધીજીને તમામ ધર્મોમાંથી માત્ર **ખ્રિસ્તી ધર્મ** પ્રત્યે **'કંઈક અભાવ'** હતો.
- ગાંધીજીએ તેમના પિતાશ્રીના પુસ્તકસંગ્રહમાંના **'મનુસ્મૃતિ'**ના **ભાષાંતર**માંથી **જગતની ઉત્પત્તિ** વગેરે વાતો વાંચી હતી.
- જોકે એ સમયે **'મનુસ્મૃતિ'** વાંચીને ગાંધીજી **અહિંસા** શીખ્યા ન હતા, પરંતુ ઉલ્ટુ એનાથી **'માંસાહાર'**ને ટેકો મળ્યો હતો.
- 'અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે' એ વસ્તુ ગાંધીજીની જિંદગીનું સૂત્ર બની ગયું હતું. તેનું કારણ ગાંધીજીના હૃદયમાં ચોંટેલો **એક નીતિનો છપ્પો** હતો. ગાંધીજીએ આ છપ્પાને 'ચમત્કારી' ગણાવ્યો છે. આ 'ચમત્કારી છપ્પો' કંઈક આ પ્રમાણે છે –

**"પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે; આવી નમાવે શીશ, દંડવત કોડે કીજે.**
**આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ; આપ ઉગારે પ્રાણ, તે તણા દુઃખમાં મરીએ.**
**ગુણ કેડે તો ગુણ દશ ગણો, મન, વાચા કર્મે કરી; અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી."**

## ગાંધીજીના લગ્ન

- મહાત્મા ગાંધીજીના લગ્ન **13 વર્ષની ઉંમરે** થયા હતા. ગાંધીજીની **ત્રણ વખત** સગાઈ થઈ હતી.
- જેમાં ગાંધીજીની ત્રીજી અને છેલ્લી સગાઈ **સાત વર્ષ**ની ઉંમરે થઈ હતી.
- ગાંધીજીના લગ્ન સમયે તેમના પિતાશ્રી **રાજકોટ રાજ્યના દીવાન** હતા. આથી તેમનો પરિવાર એ સમયે રાજકોટ સ્થાયી થયો હતો.
- જોકે, મહાત્મા ગાંધીજી તથા તેમના મોટાભાઈ અને તેમના કાકાના દીકરા એમ ત્રણેયના લગ્ન એકસાથે કરવાના હોવાથી તેમના લગ્નનું આયોજન **પોરબંદર** ખાતે થયું હતું.
- આથી, તેમના લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે તેમના પિતાશ્રી જ્યારે રાજકોટથી પોરબંદર આવી રહયા હતા ત્યારે તેમનો ટાંગો (ઘોડાગાડી) ઊંધો વળતા તેમના પિતાશ્રીને ખૂબ જ વાગ્યુ હતું.
- આમ છતાં, હાથે–પગે પાટા બાંધ્યા હોવા છતાં અને તેમના શરીરે પીડા થતી હોવા છતાં તેમના પિતાશ્રીએ ગાંધીજીના વિવાહમાં પૂરો ભાગ લીધો હતો.
- ગાંધીજીના પત્નીનું નામ કસ્તુરબા હતું અને તેઓ નિરક્ષર હતા.
- વિવાહ થયા ત્યારે ગાંધીજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા.
- વિવાહને કારણે ગાંધીજી તથા તેમના ભાઈનું અભ્યાસનું **એક વર્ષ** નકામું ગયું હતું.
- ગાંધીજીના લગ્ન બાદ તેમના પત્નીને અવતરેલું પ્રથમ બાળક બે કે ચાર દિવસ બાદ અવસાન પામ્યું હતું. જેનું મુખ્ય કારણ બાળલગ્ન હતું.
- ગાંધીજીને બાળલગ્ન અંગે પહેલેથી જ ખૂબ જ શરમ હતી. અને પાછળથી તેઓ બાળલગ્નના વિરોધી પણ બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધીજીની પિતૃભક્તિ

મહાત્મા ગાંધીજી બાળપણથી જ પિતૃભક્ત હતા. અને નિશાળ બંધ થાય એટલે તેઓ તરત જ ઘેર પહોંચીને પિતાજીની સેવામાં લાગી જતા હતા.

- પરંતુ ગાંધીજી જ્યારે **સાતમા ધોરણ**માં હતા ત્યારે તેમની શાળામાં **શ્રી દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર** હતા.
- અને તેમણે શાળાના **ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ** માટે **કસરત, ક્રિકેટ, ફૂટબોલ ફરજિયાત** કર્યા હતા.
- પરંતુ **પિતાજીની સેવા**ને કારણે ગાંધીજી કસરતના સમયે સ્કૂલમાં હાજર રહી શકયા ન હતા. આથી **ગીમી સાહેબે** ગાંધીજીને **એક કે બે આનાનો દંડ** કર્યો હતો.
- જોકે પાછળથી મહાત્મા ગાંધીજીએ 'નિશાળના સમય પછી તેમના પિતાશ્રી તેમની હાજરી પોતાની સેવાને અર્થે ઈચ્છે છે એવો પિતાશ્રીનો કાગળ' હેડમાસ્તરને આપીને કસરતમાંથી મુક્તિ મેળવી હતી.
- ગાંધીજીના પિતાશ્રીને ભગંદરની બીમારી હતી. અને તેઓ તદ્દન ખાટલાવશ હતા.
- ત્યારે ગાંધીજીનું કામ **'નર્સ'નું** હતું. એમનો ઘા ધોવો, તેમાં દવા નાખવી, મલમ લગાડવો, તેમને દવા આપવી અને જ્યારે ઘેર દવા તૈયાર કરવાની હોય ત્યારે તે તૈયાર કરવી એ એમનું ખાસ કામ હતું.
- રોજ રાત્રે તેમના પિતાશ્રીના પગ ચાંપવા અને એ રજા આપે ત્યારે અથવા તો ઊંઘી જાય ત્યારે ગાંધીજીએ સૂવા જવું એવો ગાંધીજીનો નિયમ હતો.

## ચોરી અને પ્રાયશ્ચિત

- બાળપણમાં ગાંધીજીને તેમના **એક સગાની સાથે** બીડી પીવાનો શોખ થઈ ગયો હતો.
- પણ તેમની પાસે બીડીના પૈસા ન હતા. આથી તેઓ **તેમના કાકા** બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરીને પીતા હતા.
- જોકે બીડીના ઠૂંઠાં હર વખતે મળતા ન હતા અને એમાંથી બહુ ધુમાડોય નીકળતો ન હોવાથી તેઓ કયારેક કયારેક **તેમના ચાકર**ની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે **એકાદ દોકડો** ચોરીને બીડી ખરીદતા હતા.
- જોકે તેઓ બીડીની આદતને કારણે આવેલી પરાધીનતાથી કંટાળી ગયા હતા અને તેમણે **ધતૂરાના ડોડવાનાં બી ખાઈને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો**. અને તેમણે ધતૂરાના **બેચાર બી ખાધાં પણ ખરા**, પરંતુ બીજાં ખાવાની હિંમત ન ચાલી અને આપઘાતનો વિચાર પડતો મૂકયો.
- પરંતુ આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે, ગાંધીજીની એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની આદત છૂટી ગઈ. એ સમયે તેમની ઉંમર **બારતેર વર્ષ કે તેથી ઓછી** હતી.
- ત્યારબાદ ગાંધીજી જ્યારે **પંદર વર્ષ**ના હતા ત્યારે તેમના **ભાઈ**ને **'માંસાહાર'**ને કારણે **પચીસેક રૂપિયાનું** કરજ થઈ ગયું હતું.
- તેમના ભાઈના હાથમાં **સોનાનું નક્કર કડું** હતું.

- આથી, ભાઈનું કરજ ચૂકવવા માટે એ સોનાના કડામાંથી **સોનાનો કકડો** કાપીને કરજ ચૂકવવું એવો નિર્ણય **ગાંધીજી અને તેમના ભાઈએ** કર્યો હતો.
- અને કડું કપાયું, કરજ પણ ચૂકવાઈ ગયું. પરંતુ **'સોનાના કકડા'**ની આ **ચોરી** ગાંધીજી માટે **અસહ્ય બની ગઈ**. અને હવે પછી કયારેય ચોરી ન કરવાનો તેમણે નિર્ણય કર્યો.
- આ માટે પ્રાયશ્ચિત રૂપે પોતાની ભૂલ પિતાશ્રી પાસે કબૂલ કરવી અને શુદ્ધ થવું. એવો તેમણે નિર્ણય કર્યો. પણ ભૂલ કબૂલવી કઈ રીતે ?
- અંતે તેમણે પિતાશ્રીને ચિટ્ઠી લખીને પોતાની ભૂલ કબૂલી.

## વિલાયત જવાની તૈયારી

મહાત્મા ગાંધીજીએ **મેટ્રિક**ની પરીક્ષા આપવા માટે **પરીક્ષા સ્થળ** તરીકે **અમદાવાદ**ની પસંદગી કરી હતી.

- અને એ માટે **રાજકોટથી અમદાવાદ પ્રથમ વખત** એકલા મુસાફરી કરી હતી.
- તેમણે **ઈ.સ. 1887માં મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા પાસ કરી હતી.
- અને ત્યાર બાદ તેમણે **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં એડમિશન લીધુ હતું.
- અને તેઓ શામળદાસ કોલેજમાંથી **પહેલી ટર્મ (પ્રથમ સત્ર)** પૂરું કરીને જયારે ઘરે પરત આવ્યા ત્યારે ગાંધીજીના કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર **શ્રી માવજી દવે**એ ગાંધીજીને **વિલાયત** જઈને **બારિસ્ટર** બનવા સલાહ આપી.
- **શ્રી માવજી દવે**ને ગાંધીજી **'જોશીજી'** તરીકે સંબોધિત કરતા હતા અને તેમનો **કેવળરામ** નામનો એક દીકરો પણ વિલાયતમાં હતો.
- આથી, ગાંધીજી જો વિલાયત જશે તો **ત્રણ વર્ષ**માં ભણીને પાછા આવી જશે અને ખરચ (ખર્ચ) પણ **ચાર - પાંચ હજાર**થી વધારે નહિ થાય એવી તેમણે ભલામણ કરી.
- આથી, તેમના વડીલ ભાઈએ **પોરબંદર** જઈને **એડમિનિસ્ટ્રેટર લેલીસાહેબ** પાસે આ માટે મદદ માંગવાનું કહ્યું.
- ગાંધીજીના માતાએ પણ વિલાયત જવા માટે પોરબંદર જઈને સૌપ્રથમ તેમના **કાકાની સલાહ** લેવા કહ્યું.
- આથી ગાંધીજીએ પોરબંદર જવા માટે ધોરાજી સુધી ગાડું કર્યું અને **ધોરાજી**થી **પોરબંદર** એક દિવસ વહેલા પહોંચવા માટે ઊંટ કર્યું.
- **ઊંટની સવારી**નો ગાંધીજીનો આ **પ્રથમ અનુભવ** હતો.
- પોરબંદર જઈને તેમણે તેમના કાકાને બધી વાત કરી. તેમના **કાકાએ** 'જો તારા બા તને રજા આપે, તો મારી આશિષ તને છે જ' એવી શરતી મંજૂરી આપી.
- અને પોરબંદરમાં એડમિનિસ્ટ્રેટર **લેલીસાહેબે** 'તું બી.એ. થા, પછી મળજે. હમણાં કંઈ મદદ ન અપાય' એમ કહીને મદદ કરવાનો ઈનકાર કર્યો.
- ગાંધીજીએ ઘરે આવીને તેમના માતાને બધી વાત કરી.
- તેમના **માતાએ શ્રી બેચરજી સ્વામી**ને પૂછીને પછી જ પરવાનગી આપીશ એમ કહ્યું.
- **શ્રી બેચરજી સ્વામીએ ગાંધીજી** પાસેથી **ત્રણ** બાબતોની **પ્રતિજ્ઞા** લઈને પછી વિલાયત મોકલવા સૂચન કર્યું.
- આથી, **શ્રી બેચરજી સ્વામી**ના કહેવાથી ગાંધીજીએ **માંસ, મદિરા અને સ્ત્રીસંગ**થી દૂર રહેવાની **પ્રતિજ્ઞા** લીધી અને **માતા**એ વિલાયત જવાની આજ્ઞા આપી.
- મંજૂરી મળ્યા બાદ વિલાયત જવા માટે ગાંધીજી મુંબઈ આવ્યા. **મુંબઈ**ની આ તેમની **પ્રથમ** મુસાફરી હતી. આ સમયે તેમના **વડીલ ભાઈ** તેમને મૂકવા સાથે આવ્યા હતા. ત્યારબાદ દરિયામાં તોફાન હોવાથી ગાંધીજીને થોડો સમય મુંબઈ રોકાવું પડયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાત બહાર

- ગાંધીજીના વિલાયત જવા વિશે તેમની નાતમાં જાણ થઈ અને નાતમાં ખળભળાટ મચી ગયો.
- આ અગાઉ કોઈ મોઢ વાણિયો વિલાયત ગયો ન હતો. તેથી અને ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ હોવાથી તેમજ વિલાયતમાં ધર્મ ન સચવાય એ કારણથી નાતે ગાંધીજીને વિલાયત જવાની પરવાનગી ન આપી.
- આમ છતાં, ગાંધીજી પોતાના નિશ્ચય પર દૃઢ રહ્યા તો તેમને નાત બહાર કરવામાં આવ્યા અને નાતના શેઠે હુકમ કર્યો કે, 'આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો **સવા રૂપિયો** દંડ થશે'.
- ત્યારબાદ 4**થી સપ્ટેમ્બરે** ઊપડનારી સ્ટીમરમાં **જૂનાગઢના શ્રી ત્રંબકરાય મજમુદાર** નામના **એક વકીલ** બારિસ્ટર બનવા માટે વિલાયત જવાના છે એવા સમાચાર મળ્યા.
- આથી, ગાંધીજીએ તેમની સાથે વિલાયત જવું એવું નક્કી થયું.
- અને કુટુંબના **એક મિત્ર**ની મદદથી ભાડા વગેરેના પૈસા મેળવી **શ્રી ત્રંબકરાય મજમુદાર**ની સાથે વિલાયત જવા માટે **4 સપ્ટેમ્બર, 1888**ના રોજ ગાંધીજીએ **મુંબઈનું** બંદર છોડ્યું.
- એ સમય ગાંધીજીની ઉંમર **18 વર્ષ**ની હતી.

## વિલાયતમાં

- મહાત્મા ગાંધીજી વિલાયતમાં સૌપ્રથમ ઈંગ્લેન્ડના **સાઉધેમ્પ્ટન બંદરે** ઉતર્યા હતા. એ દિવસે **શનિવાર** હતો.
- ગાંધીજી વિલાયત પહોંચ્યા ત્યારે તેમની પાસે ભલામણના ચાર કાગળો હતો.

  (1) દાક્તર પ્રાણજીવન મહેતા ઉપર (2) શ્રી દલપતરામ શુક્લ ઉપર

  (3) પ્રિન્સ રણજિતસિંહજી ઉપર અને (4) શ્રી દાદાભાઈ નવરોજી ઉપર
- સાઉધેમ્પ્ટન બંદરે ઉતર્યા બાદ ગાંધીજી તથા ત્રંબકરાય મજમુદાર **વિક્ટોરિયા હોટલ**માં રોકાયા હતા.
- ગાંધીજીએ ત્યાંથી સૌપ્રથમ **દાક્તર પ્રાણજીવન મહેતા**ને તાર કર્યો હતો. આથી તેઓ ગાંધીજીને મળવા આવ્યા.
- આ સમયે ગાંધીજીએ અજાણતાં જ **દાક્તર મહેતા**ની રેશમનાં રૂંવાંવાળી ટોપી જોવા ખાતર ઉપાડી અને તેના ઉપર ઊલટો હાથ ફેરવ્યો. દાક્તર મહેતાએ આ જોઈને ગાંધીજીને અટકાવ્યા.
- અને અહીંથી ગાંધીજીનો **યુરોપના રીતરિવાજો** વિશેનો **પહેલો પાઠ** શરૂ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધીજીનું ભારતમાં આગમન - 1915

9 જાન્યુઆરી, 1915ના રોજ મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા.

- તેઓ 9 જાન્યુઆરી, 1915ના રોજ મુંબઈના એપોલો બંદર પર ઉતર્યા હતા.

નોંધ: (1) મહાત્મા ગાંધીજી ભારત પરત ફર્યાની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) આ ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

(3) ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

(4) શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયોનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

## મહાત્મા ગાંધીજીનો ભારતીય સ્વતંત્રતા માટે સંઘર્ષ (1915-1947)

### 1915

**કોચરબ આશ્રમ :-**

- મે, 1915માં જીવણલાલ દેસાઈ નામના બેરિસ્ટર મિત્ર પાસેથી સહાય મેળવી 'કોચરબ આશ્રમ'ની સ્થાપના કરી.

### 1916

- ગાંધીજી લખનૌ કોંગ્રેસમાં સૌપ્રથમ શ્રી જવાહરલાલ નહેરુને મળ્યા હતા.

### 1917

**સાબરમતી આશ્રમ :-**

- 17 જૂન, 1917ના રોજ અમદાવાદમાં સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી. જે માટે પુંજાભાઈ હિરાચંદે તથા અંબાલાલ સારાભાઈએ સહાય કરી હતી.

**ચંપારણ સત્યાગ્રહ :-**

- બિહારના ચંપારણ જિલ્લામાં અંગ્રેજી જમીનદારો દ્વારા 'તીન કઠીયા' પદ્ધતિ લાગુ પાડવામાં આવી હતી.
- આ પદ્ધતિ અનુસાર ખેડૂતોએ પોતાની જમીનના ત્રીજા ભાગમાં ગળીનું વાવેતર કરવું પડતું હતું.
- બિહારના સ્થાનિક નેતા રાજકુમાર શુક્લ અને રાજેન્દ્ર પ્રસાદના આમંત્રણથી ગાંધીજીએ સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી 'મોતીહારી' ગામમાં રહ્યા હતા.
- ગાંધીજીના પ્રયત્નોને લીધે અંગ્રેજોએ 'તીન કઠીયા' પદ્ધતિ દૂર કરી હતી.

## 1918

### અમદાવાદ મિલ મજૂર આંદોલન :-

- અમદાવાદમાં પ્લેગને લીધે વર્ષ 1918માં અર્થવ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. જેને લીધે અમદાવાદના મિલ મજૂરોએ પગાર વધારાની માંગણી કરી હતી.
- મિલ એસોસિયેશનના પ્રમુખ અંબાલાલ સારાભાઈએ મજૂરોની માંગણી માન્ય ન રાખતા મિલમજૂરોએ અંબાલાલ સારાભાઈના બહેન અનસૂયાબહેન સારાભાઈ પાસે પ્રશ્ન રજૂ કર્યો જેઓ સમાજ સેવા કરતા હતા.
- અનસૂયા બહેને ગાંધીજી પાસે પ્રશ્ન રજૂ કરવાની સલાહ આપી.
- મીલ મજૂરોની હડતાલ બાદ પણ હકારાત્મક પ્રતિસાદ ન મળતા ગાંધીજીએ મજૂરોમાં ઉત્સાહ લાવવા 'ઉપવાસ આંદોલન' પર ઊતર્યા હતા.
- આ પ્રથમ સત્યાગ્રહ હતો કે જેમાં ગાંધીજીએ 'ઉપવાસ આંદોલન' કર્યું હતું. જેથી તેને ધર્મયુદ્ધ સાથે સરખાવવામાં આવ્યું હતું.

  નોંધ : ઈ.સ. 1920માં મજદૂર મહાસંઘની સ્થાપના અમદાવાદમાં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ખેડા સત્યાગ્રહ :-

- ઈ.સ. 1918 ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ હતી. જેથી ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હતો.
- ખેડાના સ્થાનિક આગેવાનોએ બોમ્બે પ્રેસિડેન્સીના કમિશનરને કર માફી માટે આવેદન આપ્યું પરંતુ તે ન સ્વીકારાતા ગાંધીજીની પ્રેરણાથી ખેડામાં સત્યાગ્રહ કરવાનું નક્કી થયું.
- 22 માર્ચ, 1918ના રોજ ગાંધીજીએ ખેડા સત્યાગ્રહનો પ્રારંભ કર્યો હતો.
- અંગ્રેજોએ કર ન ભરનાર ખેડૂતોના ખેતરો જપ્ત કર્યા હતા.
- મોહનલાલ પંડયાએ ગાંધીજીના કહેવાથી ખેતરમાં રહેલા ડુંગળીના પાકને લઈ લેતા ગાંધીજીએ મોહનલાલને 'ડુંગળીચોર'નું બિરુદ આપ્યું હતું.
- આ સત્યાગ્રહથી ગાંધીજીને વલ્લભભાઈ પટેલ અને રવિશંકર વ્યાસ જેવા કર્મક અને સમર્પિત સાથી મળ્યા હતા.
- આ સત્યાગ્રહ વલ્લભભાઈનો પ્રથમ સત્યાગ્રહ હતો અને આ સત્યાગ્રહથી વલ્લભભાઈની ઓળખ મળી હતી.
- આ સત્યાગ્રહ સમયે ગાંધીજીએ પાઘડી ન પહેરવાની તથા આજીવન ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## 1919

### રોલેટ એક્ટ :-

- રોલેટ એક્ટ સામે સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી હતી.
- ગાંધીજીએ રોલેટ એક્ટ કાયદાને કાળો કાયદો કહ્યો હતો.
- રોલેટ એક્ટના વિરોધ દરમિયાન ગાંધીજીની હરિયાણામાં પલવલ ગામે ધરપકડ કરવામાં આવી હતી.

## 1920

### અસહકાર આંદોલન (1920-22) :-

- સપ્ટેમ્બર, 1920માં કોંગ્રેસના લાલા લજપતરાયના અધ્યક્ષસ્થાને યોજાયેલા કોલકાતા અધિવેશનમાં ગાંધીજીએ અસહકારનું આંદોલન શરૂ કરવાનો ઠરાવ રજૂ કર્યો.
- વર્ષ 1922માં ઉત્તરપ્રદેશમાં ચૌરાચોરી ઘટનાને કારણે આંદોલન મોકૂફ રખાયું હતું.
- આ લડત મોકૂફ રાખતા ગાંધીજીએ કહ્યું કે, **"ભારતીયોના હાથમાં અહિંસા નામનું હથિયાર આપીને હિમાલય જેવડી ભૂલ કરી છે, જ્યાં સુધી ભારતીયો અહિંસાના મૂલ્યને નહીં સમજે ત્યાં સુધી લડતને આગળ ચલાવીશ નહીં"**

### ગુજરાત વિદ્યાપીઠ :-

- 18 ઓક્ટોબર, 1920ના રોજ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી.

## 1924

### ગાંધી દાસ કરાર :-

- નવેમ્બર, 1924માં ગાંધીજી, ચિત્તરંજનદાસ તથા મોતીલાલ નહેરુ વચ્ચે એક સંયુક્ત બેઠક યોજાઈ હતી. જે ગાંધી દાસ કરાર તરીકે ઓળખાય છે.

### બેલગામ અધિવેશન :-

- ગાંધીજીએ 1924માં બેલગામ કોંગ્રેસ અધિવેશનની અધ્યક્ષતા કરી હતી.

## 1930

### સવિનય કાનૂનભંગ અને દાંડીયાત્રા :-

- ગાંધીજીએ અમદાવાદના સાબરમતી આશ્રમથી પોતાના 78 સાથીઓ સાથે 12 માર્ચ 1930ના દિવસે દાંડી યાત્રાનો પ્રારંભ કર્યો હતો.
- દાંડીકૂચનો પ્રથમ પડાવ અસલાલી ગામે કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- દાંડી યાત્રાના ભાટ ગામે પડાવ સમયે ગાંધીજીએ ઘોષણા કરી હતી કે, ‘‘કાગડા કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ લીધા વગર પાછો નહિ ફરૂ.’’
- 5 એપ્રિલ 1930ના રોજ 241 માઈલનું (387 કિ.મી.) અંતર કાપીને સત્યાગ્રહીઓ દાંડી ગામે પહોંચ્યા હતા.
- 6 એપ્રિલ, 1930ના રોજ સવારે 6:30 કલાકે ગાંધીજીએ દાંડીના દરિયા કિનારેથી ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો સવિનય ભંગ કર્યો હતો.
- સુભાષચંદ્ર બોઝે દાંડીયાત્રાને ‘નેપોલિયનની પેરિસ માર્ચ’ સાથે તેમજ મહાદેવભાઈ દેસાઈએ આ યાત્રાને ‘મહાભિનિષ્ક્રમણ’ સાથે સરખાવી હતી.
- 5 મે, 1930ના રોજ અંગ્રેજોએ ગાંધીજીની કરાડી ગામેથી ધરપકડ કરી હતી.
- ગાંધીજીની ધરપકડ બાદ સત્યાગ્રહની જવાબદારી અબ્બાસ તૈયબજીના શિરે હતી તેમની ધરપકડ બાદ સરોજિની નાયડુએ જવાબદારી સંભાળી હતી.
- નોંધનીય છે કે 21 મે, 1930ના રોજ ધરાસણા ખાતે સરોજિની નાયડુ અને ઈમામ સાહેબના નેતૃત્વમાં મીઠાના કાયદાનો ભંગ કરાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 1931

### ગાંધી ઈરવિન કરાર :-

- ગાંધી ઈરવિન કરાર થવા પાછળ તેજબહાદુર સપ્રુ તથા એમ. આર.જયકરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હતી.
- ઈરવિનના કહેવાથી ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો.
- ગાંધીજી અને ભારતના વાઈસરોય ઈરવિન વચ્ચે 5 માર્ચ, 1931ના દિવસે એક બેઠક થઈ હતી.
- ગાંધી–ઈરવિન કરાર બાદ વર્ષ 1931નું કોંગ્રેસનું અધિવેશન સરદાર પટેલના અધ્યક્ષ સ્થાને કરાચીમાં ભરવામાં આવ્યું હતું. તેમાં જાહેરાત થઈ હતી કે ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેશે.

## અન્ય મહત્વના મુદ્દા

- 1915માં સ્થાપિત સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીએ અત્યંજ પરિવાર દુદાભાઈ–દાની બહેનનો સમાવેશ કર્યો હતો.
- સાબરમતી આશ્રમમાં ગાંધીજી ‘હૃદયકુંજ’ નામના મકાનમાં રહેતા.

- સપ્ટેમ્બર, 1915માં ગાંધીજીને બ્રિટિશ સરકાર દ્વારા 'કેસર–એ–હિંદ'ની ઉપાધી આપવામાં આવેલ (બોઅર યુદ્ધમાં તેમની સેવાઓ બદલ) જે જલિયાવાલા બાગ હત્યાકાંડના જવાબમાં પરત કરી હતી.
- ગાંધીજીના રાજકીય ગુરુ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે હતા. તથા આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્ર હતા.
- ગાંધીજીના રહસ્યમંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ હતા.
- ગાંધીજીની રાજદ્રોહના આરોપમાં સૌપ્રથમ ધરપકડ અમદાવાદથી કરાઈ હતી.
- ગાંધીજીએ હિંદ છોડો આંદોલન (1942) દરમિયાન 'કરેંગે યા મરેંગે'નું સુત્ર આપ્યું હતું.
- બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જઈ રહેલા ગાંધીજી માટે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ "છેલ્લો કટોરો ઝેરોનો પી જજો બાપુ, સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ !"ની રચના કરી હતી.

## ગાંધીજી દ્વારા લિખિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| • સર્વોદય દર્શન | • પાયાની કેળવણી | • કેળવણીનો કોયડો | • ખરી કેળવણી |
| • આરોગ્યની ચાવી | • ગીતા બોધ | • સત્યાગ્રહનો ઈતિહાસ | • સત્યના પ્રયોગો |
| • હિંદસ્વરાજ | • ઈકોનોમિક્સ ઓફ ખાદી | • મંગલ પ્રભાત | • સત્યાગ્રહનો ઈતિહાસ |

## ગાંધીજી ઉપર લખાયેલ પુસ્તકો

| ક્રમ | કૃતિ/પુસ્તક | લેખક/રચિયતા |
|---|---|---|
| 1 | ગાંધીઝમ એન્ડ એનાલિસિઝ | સ્પ્રેટ (PHILIP SPRATT) |
| 2 | મહાત્મા ગાંધી, એસેઝ એન્ડ રિફ્લેકશન ઓન હીઝ લાઈફ એન્ડ વર્ક, ગાંધી અભીનંદન ગ્રંથ | ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન |
| 3 | એન્ટરટેઈનિંગ ગાંધી | મ્યુરિયલ લેસ્ટર |
| 4 | મહાત્મા ગાંધી જીવન ઓર દર્શન | રોમા રોલાં |
| 5 | એ ડિસિપ્લિન ફોર નોન વાયોલન્સ, ધી પાવર ઓફ નોન વાયોલન્સ, | રિચાર્ડ બી ગ્રેગ |
| 6 | ગાંધીજી ઈન ઈન્ડિયન વિલેજીસ, ધી સ્ટોરી ઓફ બારડોલી | મહાદેવ દેસાઈ |
| 7 | ધી એપિક પાસ્ટ | પ્યારેલાલ |
| 8 | ગાંધી એન્ડ ગાંધીઝમ | પટ્ટાભી સિતારામૈયા, ડો. બાબાસાહેબ આંબેડકર |
| 9 | WAR WITHOUT VIOLENCE | ડો.કૃષ્ણલાલ શ્રીધરાણી |
| 10 | મહાત્મા ગાંધી, ધી મેન એન્ડ હીઝ મિશન | જી. એ. નટ્સેન |
| 11 | ઈન્સિડન્સ ઓફ ગાંધીજીઝ લાઈફ | ચંદ્રશંકર શુક્લ |
| 12 | માય એક્ષપીરીયન્સ વીથ ટ્રુથ | મહાદેવભાઈ દેસાઈ |
| 13 | મહાત્મા ગાંધી(HIS LIFE AND IDEAS), મહાત્મા ગાંધી એટ વર્ક | સી. એફ. એન્ડ્રુઝ |
| 14 | THE WISDOM OF GANDHI - In His Own Words | વોકર રોય |
| 15 | એ વિક વિથ ગાંધી, ગાંધી એન્ડ સ્ટેલિન | લુઈ ફિશર |
| 16 | Gandhi's Fast: its cause and significance, India, Gandhi and World Peace | રેજિનાલ્ડ રેનોલ્ડ્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 17 | સત્યાગ્રહ ઈન ચંપારણ | ડો. રાજેન્દ્રપ્રસાદ |
| 18 | પ્રેક્ટિકલ નોન વાયોલન્સ | કિશોરલાલ મશરૂવાળા |
| 19 | સ્ટડિઝ ઈન ગાંધીઝમ | નિર્મળકુમાર બોઝ |
| 20 | મહાત્મા, ગાંધી ઈન ચંપારણ | ડો. તેન્ડુલકર |
| 21 | ગાંધીજીઝ લિડરશિપ એન્ડ ધી કોંગ્રેસ સોશ્યાલિસ્ટ પાર્ટી | જયપ્રકાશ નારાયણ |
| 22 | ગાંધીઝ ચેલેન્જ ટુ ક્રિશ્ચિયાનિટી | એસ. કે. જ્યોર્જ |
| 23 | ધી ગાંધીયન વે | આચાર્ય કૃપલાની |

**ગાંધીજીએ આપેલા ઉપનામો**

- રાષ્ટ્રીય કવિ → મૈથિલીશરણ ગુપ્ત
- ચરોતરનું મોતી → મોતીભાઈ અમીન
- દીનબંધુ → સી. એફ. એન્ડ્રુઝ
- સવાઈ ગુજરાતી → કાકાસાહેબ કાલેલકર
- કાયદે આઝમ → મહમ્મદ અલી ઝીણા
- બંગબંધુ → એમ. એસ. ગોવલેકર
- મૂકસેવક → રવિશંકર મહારાજ
- નેતાજી → સુભાષચંદ્ર બોઝ
- દેશબંધુ → ચિત્તરંજન દાસ
- ડુંગળી ચોર → મોહનલાલ પંડયા
- મીરાંબાઈ → મેડલીન સ્લેડ
- ગુરુદેવ → રવીન્દ્રનાથ ટાગોર
- રાષ્ટ્રીય શાયર → ઝવેરચંદ મેઘાણી

**ગાંધીજીને મળેલા ઉપનામ**

- રવીન્દ્રનાથ ટાગોર : મહાત્મા
- માઉન્ટ બેટન : વન મેન બાઉન્ડ્રી
- સુભાષચંદ્રબોઝ : રાષ્ટ્રપિતા
- વિન્સ્ટન ચર્ચિલ : અર્ધનગ્ન ફકીર
- ઝવેરચંદ મેઘાણી : બાપુ

## સૌરાષ્ટ્રને મળી પ્રથમ 'વંદે ભારત' એક્સપ્રેસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી 9 વંદે ભારત ટ્રેનને વર્ચ્યુઅલ પ્રસ્થાન કરાવ્યું હતું.

- આ નવી શરૂ થયેલી ટ્રેનોમાં ઘણી નવી સુવિધાઓ સામેલ કરવામાં આવી છે.
- આ સુવિધાઓ મુસાફરોના પ્રતિસાદ લીધા પછી તેમના માટે ટ્રેનની મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે સામેલ કરવામાં આવી હતી.



- આ 9 ટ્રેનો દેશના 11 રાજ્યોના ધાર્મિક અને પર્યટન સ્થળોને જોડશે.
- આ 9 વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં ગુજરાત માટેની જામનગર–અમદાવાદ વંદે ભારત ટ્રેન પણ સામેલ છે.
- જામનગર રેલવે સ્ટેશન પરથી સાંસદ શ્રી પુનમ બહેન માંડમ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'વંદે ભારત ટ્રેન'ને લીલી ઝંડી આપવામાં આવી હતી.
- અત્યાર સુધી ગુજરાતને ગાંધીનગર–મુંબઈ અને અમદાવાદ–જોધપુર એમ 2 વંદે ભારત ટ્રેન મળી હતી.
- અમદાવાદ–જામનગર વંદે ભારત ટ્રેન ગુજરાતની ત્રીજી અને સૌરાષ્ટ્રની પ્રથમ વંદે ભારત ટ્રેન છે.

## ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ (World Habitat Day)

'વિશ્વ આવાસ દિવસ' દર વર્ષે ઓક્ટોબર મહિનાના પ્રથમ સોમવારે ઉજવવામાં આવે છે.

- વર્ષ 2023માં 2 ઓક્ટોબરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વભરમાં ગીચ વસતી ધરાવતા અને ઝડપી શહેરીકરણને કારણે પ્રભાવિત થયેલા લોકો માટે પર્યાપ્ત આશ્રય અને આવાસના મૂળભૂત અધિકારને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા 1985માં દર વર્ષે 'વિશ્વ આવાસ દિવસ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ નિર્ણય બાદ 1986માં કેન્યાના નૈરોબીમાં પ્રથમ વિશ્વ આવાસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



1. ભારતમાં 2 ઓક્ટોબરના રોજ કોનો જન્મદિવસ ઉજવાય છે ?

   1. મહાત્મા ગાંધીજી
   2. લાલ બહાદૂર શાસ્ત્રી
   3. શ્રી ચૌધરી ચરણસિંહ
   4. શ્રી રવિશંકર મહારાજ

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(B)**

2. મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ 2 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?

   1. વિશ્વ અહિંસા દિવસ
   2. વિશ્વ સ્વચ્છતા દિવસ
   3. સ્વચ્છ ભારત દિવસ
   4. સ્વસ્થ ભારત દિવસ

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 3 (D) 1, 3 અને 4 **(C)**

3. શ્રી લાલ બહાદૂર શાસ્ત્રીએ ભારતના કેટલામાં વડાપ્રધાન તરીકે સેવા આપી હતી ?

   (A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

4. નવી દિલ્હી ખાતે આવેલા શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?

   (A) વિજયઘાટ (B) અભયઘાટ (C) કિસાનઘાટ (D) નારાયણ ઘાટ **(A)**

5. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી ક્યારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે ‘પ્રવાસી ભારતીય દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે ?

   (A) 9 જાન્યુઆરી, 1914 (B) 9 જાન્યુઆરી, 1915
   (C) 10 જાન્યુઆરી, 1917 (D) 10 જાન્યુઆરી, 1915 **(B)**

6. તાજેતરમાં સૌરાષ્ટ્રની પ્રથમ ‘વંદે ભારત એક્સપ્રેસ’ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ ટ્રેન કયા બે સ્ટેશન વચ્ચે દોડશે ?

   (A) ભૂજ–વડોદરા (B) દ્વારકા–સોમનાથ
   (C) સોમનાથ–ભાવનગર (D) જામનગર–અમદાવાદ **(D)**

7. ‘વિશ્વ આવાસ દિવસ’ (World Habitat Day)ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?

   (A) ઓક્ટોબર માસના પ્રથમ રવિવારે (B) ઓક્ટોબર માસના પ્રથમ સોમવારે
   (C) ઓક્ટોબર માસના પ્રથમ ગુરુવારે (D) ઓક્ટોબર માસના પ્રથમ શનિવારે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વાઈબ્રન્ટ ગુજરાત સમિટના 20 વર્ષની ભવ્ય ઉજવણી




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' (Vibrant Gujarat Global Summit)ની 20 વર્ષની ઉજવણી નિમિત્તે કાર્યક્રમને સંબોધન કર્યુ હતું.

- વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત 20 વર્ષ પહેલા 28 સપ્ટેમ્બર, 2003ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કરવામાં આવી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે ઉપસ્થિત આમંત્રિત અને દેશ–વિદેશના ઉદ્યોગ જગતના અગ્રણીઓને વિકાસની નવી સંભાવનાઓ સાથે ભારત પોતાની સ્થિતિ મજબૂત કરી શકે એવા સેક્ટર શોધવા અને તે માટેનું વિચાર–મંથન આગામી વાઈબ્રન્ટ સમિટમાં કરવા આહવાન કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે 2003માં અમુક પાર્ટીસિપન્ટસ આવ્યા હતા અને હવે 40 હજારથી વધુ પાર્ટીસિપન્ટસ આ સમિટમાં જોડાય છે.
- 2003માં જૂજ દેશો ભાગીદાર બન્યા હતા જ્યારે હવે 135થી વધુ દેશ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવે છે.
- 2003માં 30ની આસપાસ એક્ઝિબિટર્સ જોડાયા હતા, જ્યારે હવે 2000થી વધુ એક્ઝિબિટર્સ આ સમિટનો યોગ્ય મંચ તરીકે ઉપયોગ કરે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સમિટ ઓફ સક્સેસ' પેવોલિયન'નું ઉદ્ઘાટન પણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ

ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2003થી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ કર્યો હતો.

- વર્ષ 2003થી દર બે વર્ષે આ સમિટ ગુજરાતમાં યોજાય છે.
- કોરોના મહામારીને કારણે છેલ્લા 4 વર્ષથી આ સમિટ યોજાઈ નથી.
- આ અંતર્ગત છેલ્લે વર્ષ 2019માં ગુજરાતમાં નવમી વાઈબ્રન્ટ સમિટનું આયોજન થયું હતું.

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024ની વેબસાઈટ, મોબાઈલ એપ લોન્ચિંગ અને બ્રોશરનું અનાવરણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-2024ના ભાગરૂપે VG-2024 વેબસાઈટ તથા મોબાઈલ એપનું લોન્ચિંગ અને VG-2024ના બ્રોશરનું ગાંધીનગરમાં અનાવરણ કર્યુ હતું.



- VG-2024 વેબસાઈટ ઓનલાઈન રજિસ્ટ્રેશન તેમજ વ્યક્તિઓ પ્રતિનિધિ મંડળો અને સમિટ દરમિયાન યોજનારી ઈવેન્ટ્સમાં ભાગ લેવા માટે રસ ધરાવતા રોકાણકારોની સુવિધા માટે આ યુઝર–ફ્રેન્ડલી વેબસાઈટ ગુજરાત સરકારની નીતિઓ વિવિધ પરિમાણોમાં રાજ્યના પર્ફોમન્સ અંગેનો ડેટા અને સંભવિત પ્રતિષ્ઠિત રોકાણો અને પ્રોજેક્ટ્સની યાદીનું એક સમગ્ર સંકલન બની રહેશે.
- VG એપ એન્ડ્રોઈડ અને iOS એમ બંને પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ રહેશે.
- ગુજરાતની સક્ષમતા અને રોકાણની સંભાવનાઓને પ્રદર્શિત કરવા માટે 12 દેશોમાં 6 આંતરરાષ્ટ્રીય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત દિલ્હી, મુંબઈ, બેંગ્લુરુ, હૈદરાબાદ, કોલકાતા, લખનૌ, ચેન્નાઈ, ચંદીગઢ, ગુવાહાટી, જયપુર અને ઈન્દોરમાં 11 રાષ્ટ્રીય રોડ શો પણ યોજાશે.

### દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - 2024

વાઈબ્રન્ટ ગુજરાત સમિટની 10મી આવૃત્તિ તારીખ 10 થી 12 જાન્યુઆરી, 2024ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાશે.

### થીમ

વાઈબ્રન્ટ ગુજરાત સમિટની 2024ની થીમ 'Gateway to the Future' છે.

## 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-2023' ગુજરાત વિધાનસભામાંથી પસાર

ગુજરાત રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા પંદરમી વિધાનસભાના સત્રમાં 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ બિલ, 2023' લાવવામાં આવ્યું હતું.

- જેને બહુમતી સાથે ગુજરાત વિધાનસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું.
- આ વિધેયક અથવા બિલ પસાર કરતા સમયે શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની 11 પબ્લિક યુનિવર્સિટીની સ્વાયત્તતા, ગુણવત્તા અને સંચાલનશક્તિમાં વધારો થશે.

### બિલની મહત્ત્વની જોગવાઈઓ

- યુનિવર્સિટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે.
- એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સિટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે.

- યુનિવર્સિટીના સંચાલન અને વ્યવસ્થાપન માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલ મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- આ એક્ટ દ્વારા 11 યુનિવર્સિટીમાં પ્રવેશ, અભ્યાસ અને પરીક્ષા પદ્ધતિમાં એકસુત્રતા આવશે.
- રાજ્યની 10 પબ્લિક યુનિવર્સિટીઓમાં ચાન્સેલર પદે રાજ્યપાલ રહેશે.
- વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં ચાન્સેલર અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરપર્સન પદે શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડ સ્થાન શોભાવશે.
- અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટીના પ્રોફેસર અને અધ્યક્ષોની નિમણૂકમાં 33% મહિલા સભ્યોની જોગવાઈ કરવામાં આવી છે.
- યુનિવર્સિટીઓમાં સેનેટ અને સિન્ડિકેટને સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ કાર્યરત બનશે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની જોગવાઈઓને કેન્દ્રમાં રાખીને આ એક્ટ તૈયાર કરાયો છે.
- બિલમાં સમાવિષ્ટ 11 યુનિવર્સિટી નીચે મુજબ છે :

(1) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
(2) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(3) સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદ
(4) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(5) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(5) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(7) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
(8) ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(9) ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ
(10) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(11) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંકલ્પ સપ્તાહ (Sankalp Saptah)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 30 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે એક અનોખી સપ્તાહ–લાંબી પહેલ 'સંકલ્પ સપ્તાહ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- આ કાર્યક્રમ એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP) સાથે ગાઢ રીતે જોડાયેલો છે.



- જે સમગ્ર ભારતમાં 329 જિલ્લાઓમાં ફેલાયેલા 500 એસ્પિરેશનલ બ્લોક્સમાં શાસન અને જીવનની ગુણવત્તા વધારવાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ છે.
- નોંધનીય છે કે 7 જાન્યુઆરી, 2023ના રોજ શરૂ કરાયેલ એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP) બ્લોક સ્તરે શાસનને મજબૂત કરવા માટે રચાયેલ એક વ્યાપક પ્રયાસ છે.

### સાત દિવસ, સાત થીમ

3 ઓક્ટોબર થી 9 ઓક્ટોબર, 2023 સુધીના તમામ 500 એસ્પિરેશનલ બ્લોકમાં ઉજવવામાં આવતા સંકલ્પ સપ્તાહ દરમિયાન દરેક એસ્પિરેશનલ બ્લોક્સ દ્વારા સક્રિયપણે સંબોધિત કરવા માટે ચોક્કસ વિકાસ થીમને સમર્પિત કરવામાં આવશે.

- પ્રથમ છ દિવસ 'સંપૂર્ણ આરોગ્ય', 'સારા પોષિત પરિવારો', 'સ્વચ્છતા', 'કૃષિ', 'શિક્ષણ' અને 'સમૃદ્ધ દિવસ' જેવી થીમ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- અઠવાડિયાના અંતિમ દિવસ એટલે કે 9 ઓક્ટોબરને 'સંકલ્પ સપ્તાહ સમાવેશ સંમેલન' તરીકે ઉજવાશે.

## GPSCના પૂર્વ અધ્યક્ષ શ્રી દિનેશ દાસા સરને UPSCમાં સભ્યપદે નિયુક્ત કર્યા

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુએ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)માં સભ્ય તરીકે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)ના પૂર્વ અધ્યક્ષ શ્રી દિનેશ દાસા સરની નિમણૂક કરી છે.

- UPSCના વર્તમાન અધ્યક્ષ ડો. મનોજ સોનીએ શ્રી દિનેશ દાસાને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા.
- GPSCના અધ્યક્ષ તરીકેનો તેમનો કાર્યકાળ ગયા વર્ષે જાન્યુઆરીમાં પૂર્ણ થયો હતો.
- GPSCમાં સૌથી નાની વયે અધ્યક્ષ પદ સંભાળનારા શ્રી દિનેશ દાસાને UPSCમાં પણ સૌથી નાની વયે નિયુક્તિ મળી છે.
- નોંધનીય છે કે GPSCના તેમના કાર્યકાળ દરમિયાન શરૂ કરાવેલી સિવિલ સર્વિસ માટેની મોડેલ પરીક્ષા પેટર્ન દેશના 29 રાજ્યો અપનાવી ચૂક્યા છે.



### UPSC

UPSCનું પૂરું નામ 'Union Public Service Commission' (સંઘ લોક સેવા આયોગ) છે.

- UPSC એ ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક બંધારણીય અથવા તો સંવૈધાનિક સંસ્થા છે.
- ભારતીય બંધારણના ભાગ-14માં અનુચ્છેદ 315થી 323 અંતર્ગત 'સંઘ લોક સેવા આયોગ'ની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

1. તાજેતરમાં અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ની કેટલામાં વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 15મા (B) 17મા (C) 20મા (D) 23મા **(C)**

2. ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ કયારથી થયો હતો ?
(A) 2001 (B) 2003 (C) 2004 (D) 2005 **(B)**

3. વર્ષ 2024માં કેટલામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવશે ?
(A) દસમી (B) નવમી (C) આઠમી (D) સાતમી **(A)**

4. ગુજરાતમાં વર્ષ 2024માં યોજનાર દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટની થીમ શું છે ?
(A) Shaping a new India (B) Atmanirbhar Bharat
(C) Gateway to the Future (D) ત્રણેયમાંથી એકપણ નહીં **(C)**

5. 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, 2023' તાજેતરમાં ગુજરાત વિધાનસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?
1. આ એક્ટની જોગવાઈ મુજબ 11 પબ્લિક યુનિવર્સિટીની સ્વાયત્તતા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે.
2. બિલની જોગવાઈ મુજબ કુલપતિની ટર્મ પાંચ વર્ષની હશે.
3. બિલની જોગવાઈ મુજબ યુનિવર્સિટીઓમાં સેનેટ અને સિન્ડિકેટને સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ કાર્યરત બનશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 **(A)**

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળેથી 'સંકલ્પ સપ્તાહ'નું ઉદ્ઘાટન કર્યું હતું ?
(A) સાયન્સ સિટી, અમદાવાદ (B) ભારત મંડપમ, દિલ્હી
(C) સાબરમતી આશ્રમ, અમદાવાદ (D) જૂનું સંસદભવન, દિલ્હી **(B)**

7. તાજેતરમાં નીચેનામાંથી કોની UPSCના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી મનોજ તિવારી (B) શ્રી દિનેશ દાસા
(C) શ્રી નલીન ઉપાધ્યાય (D) શ્રી એસ.જે.રાઠોડ **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## દિવસ મહિમા : 04 ઓક્ટોબર, વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 ઓક્ટોબરના રોજ પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ માટે જાગૃતિ ફેલાવવા 'વિશ્વ પ્રાણી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સના પ્રાણીઓના આશ્રયદાતા સંત શ્રી ફ્રાન્સિસ એસ્સીસીની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ફ્રાન્સીસ એસ્સીસીએ પ્રાણીના રક્ષણ માટે કામ કર્યુ હતું. તેઓ પ્રાણીના કલ્યાણ માટે કાળજીનો સંદેશો ફેલાવતા હતા.
- વિશ્વ પ્રાણી દિવસ વિશ્વભરમાં કલ્યાણ ધોરણોના મિશન સાથે પ્રાણીઓના જીવનમાં સુધારો લાવવા માટે એક સામાજિક ચળવળ છે.

## જામનગરના ખીજડીયા ગામને બેસ્ટ ટુરીઝમ વિલેજ 2023નો એવોર્ડ




જામનગર જિલ્લાના ખીજડીયા ગામને 'બેસ્ટ ટુરીઝમ વિલેજ 2023'નો એવોર્ડ મળ્યો છે.

- કેન્દ્ર સરકાર દ્વારા દેશના પસંદ કરાયેલા 850 ગામોમાંથી 35 ગામોને આ દરજ્જો અપાયો છે.
- જે અંતર્ગત દિલ્હીમાં ભારત મંડપમ ખાતે યોજાયેલી ઈવેન્ટમાં ખીજડીયા ગામને ટુરિઝમ વિલેજ 2023નો સિલ્વર કેટેગરીનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.
- જામનગર જિલ્લાનું ખીજડીયા ગામ અનેક વિશેષતાઓને કારણે શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ બન્યું છે.
- આ ઉપરાંત મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના કોંગથોંગ ગામને પણ 'શ્રેષ્ઠ પ્રવાસન ગામ 2023'નો એવોર્ડ મળ્યો છે. જેને ભારતના 'વ્હિસલિંગ વિલેજ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ખીજડીયા ગુજરાતનું પ્રસિદ્ધ 'પક્ષી અભયારણ્ય' છે.

### ખીજડીયા પક્ષી અભયારણ્ય

ખીજડીયા પક્ષી અભયારણ્ય જામનગરમાં જિલ્લામાં આવેલું છે.

- ખીજડીયા પક્ષી અભયારણ્યને વિદેશથી સ્થળાંતર કરનારા પક્ષીઓનું સ્વર્ગ માનવામાં આવે છે.
- અહીં મીઠા પાણીના તેમજ ખારા પાણીના એમ બે પ્રકારના જળપ્લાવિત વિસ્તારો એકબીજાની અરસપરસ આવેલા છે.

- અહીં પક્ષીઓની 300થી વધુ પ્રજાતિઓ નોંધાઈ છે જેમાંના 170 જાતિના પક્ષીઓ યાયાવર છે.
- વર્ષ 1982માં આ સ્થળને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- ખીજડીયા પક્ષી અભયારણ્યને વર્ષ 2022માં રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

## અરૂણાચલ પ્રદેશના ન્યુકમડુંગ ગામમાં દેશના પ્રથમ યાકના દૂધનું પાર્લર



ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)એ અરૂણાચલ પ્રદેશના ન્યુકમડુંગ (NYUKMADUNG) ગામમાં યાકના દૂધ માટે તેના પ્રકારનું પ્રથમ પાર્લર સ્થાપ્યું છે.

- ન્યુકમડુંગ ડેરી ICAR-નેશનલ રિસર્ચ સેન્ટર ઓન યાક (NRC-Y), અરૂણાચલ પ્રદેશ ફાર્મમાં સ્થિત છે.
- તેનો ઉદ્દેશ્ય યાક દૂધ અને તેના વૈવિધ્યસભર ડેરિવેટિવ્ઝને લોકપ્રિય બનાવીને યાકની ખેતીને વધુ લાભદાયી બનાવવાનો છે.

### યાક

યાક એ હિમાલય અને ટ્રાન્સ–હિમાલયન પ્રદેશોમાં વસતા ઉચ્ચ પ્રદેશના વંશીય સમુદાયોની જીવનરેખા છે.

- તેમનું વૈજ્ઞાનિક નામ 'Poephagus Grunniens' છે.
- તે અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, હિમાચલ પ્રદેશ અને લદ્દાખની ઊંચાઈઓ પર જોવા મળે છે.
- આ પ્રાણી પરિવહન માટે ઉપયોગમાં લેવા ઉપરાંત દૂધ, માંસ, ફાઈબર, ચામડું અને છાણ ઉપજાવીને હાઈલેન્ડર્સની આજીવિકાને ટકાવી રાખે છે.
- યાકનું દૂધ મલાઈ જેવું સફેદ, જાડું, મધુર, સુગંધિત અને પ્રોટીન, ચરબી, લેક્ટોઝ, ખનીજો અને ગાયના દૂધ કરતા કુલ ઘન પદાર્થોમાં સમૃદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બિહાર જાતિ સર્વેક્ષણના પરિણામો જાહેર

બિહાર જાતિ સર્વેક્ષણના પરિણામો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા.

- આ વ્યાપક સર્વેક્ષણ વિવિધ જાતિ જૂથોની રચના અને રાજકરણ, નીતિઓ અને સામાજિક ગતિશીલતા પર તેમની અસર વિશે મહત્ત્વપૂર્ણ ડેટા પ્રદાન કરે છે.
- અત્યંત પછાત વર્ગો (EBCs) એ સૌથી મોટું સામાજિક જૂથ છે, જેમાં બિહારની વસતીના 36.01% છે. એટલે કે કુલ 4,70,80,514 વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- ત્યારબાદ અન્ય પછાત વર્ગો (OBC) કુલ 3,54,63,936 સભ્યો સાથે 27.12% વસતી ધરાવે છે.

## બિહાર જાતિ સર્વેક્ષણના મુખ્ય તારણો

| વિવિધ જાતિઓ અને સમુદાયો (બિહાર) | ટકાવારી વસતી (%) |
|---|---|
| અત્યંત પછાત વર્ગો (EBC) | 36.01% |
| અન્ય પછાત વર્ગો (OBC) | 27.12% |
| અનુસૂચિત જાતિ | 19.65% |
| અનુસૂચિત જનજાતિ | 1.68 |
| બૌધ, ખ્રિસ્તી, શીખ અને જૈન | 1% |
| કુલ વસતી (બિહાર) | 13.07 કરોડ |

## સર્વેક્ષણ પદ્ધતિ

જાતિ સર્વેક્ષણ હાથ ધરવાનો નિર્ણય જૂન 2022માં 500 કરોડ રૂપિયાની બજેટ ફાળવણી સાથે સર્વપક્ષીય બેઠક બાદ લેવામાં આવ્યો હતો.

- આ સર્વે બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં પરિવારોની ગણતરી અને જાતિ, ધર્મ, આર્થિક પૃષ્ઠભૂમિ અને પરિવારના સભ્યોના રહેઠાણ અંગેનો ડેટા એકત્ર કરવાનો સમાવેશ થાય છે.
- પટના હાઈકોર્ટે શરૂઆતમાં સર્વેને અટકાવી દીધો હતો, પરંતુ બાદમાં આગળ વધવાની મંજૂરી આપવામાં આવી હતી.
- 3 લાખથી વધુ વ્યક્તિઓ, મુખ્યત્વે શિક્ષકોએ સર્વે હાથ ધર્યો હતો, જેમાં જાતિ, ધર્મ અને આર્થિક સ્થિતિ પર 17 પ્રશ્નોના ફોર્મ ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.

## સર્વેક્ષણના તારણોનું મહત્ત્વ

બિહારનું રાજકીય લેન્ડસ્કેપ લાંબા સમયથી ઓળખ અને જાતિ આધારિત અનામતના રાજકરણથી પ્રભાવિત છે.

- આ તારણો પછાત વર્ગોમાં નવેસરથી એકત્રીકરણની તક પૂરી પાડી શકે છે, જે સંભવિતપણે ચૂંટણીની ગતિશીલતાને અસર કરી શકે છે.
- સર્વેક્ષણના પરિણામો EBC માટે પેટા–ક્વોટાની માંગ તેમજ OBC ક્વોટાને વર્તમાન 27%થી વધારી શકે છે.

**1.** 'વિશ્વ પ્રાણી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(B)**

**2.** તાજેતરમાં ખીજડીયા ગામને બેસ્ટ ટુરીઝમ વિલેજ 2023નો એવોર્ડ મળ્યો છે. તે કયા જિલ્લામાં સ્થિત છે ?

(A) જામનગર (B) મોરબી (C) ભાવનગર (D) પોરબંદર **(A)**

**3.** તાજેતરમાં ન્યુકમડુંગ ગામમાં દેશના પ્રથમ યાકના દૂધનું પાર્લર ખોલવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મેઘાલય (B) સિક્કિમ (C) અરૂણાચલ પ્રદેશ (D) આસામ **(C)**

**4.** તાજેતરમાં બિહારમાં જાતિ સર્વેક્ષણના મુખ્ય પરિણામો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સૌથી મોટું સામાજિક જૂથ કયું છે ?

(A) અત્યંત પછાત વર્ગો (EBC) (B) અન્ય પછાત વર્ગો (OBC)

(C) અનુસૂચિત જાતિ (D) અનુસૂચિત જનજાતિ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**દિવસ મહિમા : 05 ઓક્ટોબર, (1) વિશ્વ શિક્ષક દિવસ (World Teacher's Day)**
**(2) રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ (National Dolphin Day)**

## વિશ્વ શિક્ષક દિવસ




વિશ્વ શિક્ષક દિવસ દર વર્ષે 5 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોના મહત્વ અને તેમના યોગદાનનું સન્માન કરવાનો છે.
- વર્ષ 1966માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની એક બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષકોના અધિકાર, જવાબદારીઓ, રોજગાર અને વધુ શિક્ષણ સાથે માર્ગદર્શિકા બનાવવાનું કહેવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વ શિક્ષક દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવા માટે વર્ષ 1994માં 100 દેશોના સમર્થન સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 5 ઓક્ટોબર, 1994થી વિશ્વ શિક્ષક દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.

**નોંધ :** ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.

## રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ



તાજેતરમાં 5 ઓક્ટોબરના રોજ બીજા 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- થોડા સમય પહેલા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા 5 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE

- નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL)ની સ્થાયી સમિતિએ 5 ઓક્ટોબરને રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ તરીકે નિયુક્ત કરવાનો આ નિર્ણય લીધો હતો.
- આ દિવસ ગંગા ડોલ્ફિન સહિતની અન્ય ડોલ્ફિનના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ ઉપરાંત આ દિવસ ડોલ્ફિનના સંરક્ષણ માટે લોકોની ભાગીદારી પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.
- ડોલ્ફિન સ્વસ્થ જળચર ઈકોસિસ્ટમના આદર્શ સૂચક તરીકે કામ કરે છે, તેથી ડોલ્ફિનનું સંરક્ષણ અત્યંત મહત્વનું છે.

## SAMPRITI-XI અભ્યાસ : ભારત-બાંગ્લાદેશ



ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની વાર્ષિક સંયુક્ત લશ્કરી કવાયત 'સંપ્રીતિ' (SAMPRITI)ની 11મી આવૃત્તિ 3 ઓક્ટોબર, 2003ના રોજ મેઘાલયના ઉમરોઈ ખાતે શરૂ થઈ હતી.

- ભારત અને બાંગ્લાદેશ દ્વારા રોટેશનલ આયોજિત આ કવાયત બંને દેશો વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને પ્રકાશિત કરે છે.
- SAMPRITI-XI એ 14 દિવસની કવાયત છે જેનો હેતુ બંને સેનાઓ વચ્ચે આંતરસંચાલનક્ષમતા વધારવા, વ્યૂહાત્મક કવાયતો વહેંચવા અને શ્રેષ્ઠ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કવાયત યુએન ચાર્ટરના પ્રકરણ VII સાથે સંરેખિત, પેટા–પરંપરાગત કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- જેમાં કમાન્ડ પોસ્ટ એક્સરસાઈઝ (CPX) અને ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ (FTX)નો સમાવેશ થશે, જે વૈશ્વિક શાંતિ જાળવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને આદેશ આપે છે.
- CPX સંપૂર્ણ વિચાર–વિમર્શ પછી નિર્ણય લેવાનો આગ્રહ રાખશે, જ્યારે FTX બંધક બચાવ, ભીડ નિયંત્રણના પગલા અને હેલિકોપ્ટરના ઉપયોગ સહિત આતંકવાદ વિરોધી કામગીરી માટે સંયુક્ત વ્યૂહાત્મક કવાયત દ્વારા ગ્રાઉન્ડ લેવલની કામગીરીને માન્ય કરશે.

## AUKUS : યુકેએ પરમાણુ સંચાલિત સબમરીન માટે 4 બિલિયન પાઉન્ડનો કોન્ટ્રાક્ટ આપ્યો

યુનાઈટેડ કિંગ્ડમે પરમાણુ સંચાલિત એટેક સબમરીન ડિઝાઈન કરવા અને બનાવવા માટે યુકે સ્થિત ત્રણ કંપનીઓ BAE સિસ્ટમ, રોલ્સ–રોયસ અને બેબકોકને 4 બિલિયન પાઉન્ડનો કોન્ટ્રાક્ટ આપ્યો છે.

- આ પહેલ AUKUS પ્રોગ્રામનું મુખ્ય તત્વ છે.
- આ કરારમાંથી પ્રથમ સબમરીન 2030ના દાયકાના અંતમાં યુકેમાં પ્રવેશ કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ત્યારબાદ પ્રથમ ઓસ્ટ્રેલિયન સબમરીન 2040ના દાયકાની શરૂઆતમાં પહોંચાડવામાં આવે તેવી અપેક્ષા છે.
- યુકેના સંરક્ષણ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે SSN-AUKUS તરીકે ઓળખાતી આ નવી સબમરીન રોયલ નેવી દ્વારા સંચાલિત અત્યાર સુધીની સૌથી મોટી, સૌથી અદ્યતન અને સૌથી શક્તિશાળી એટેક સબમરીન હશે.
- નોંધનીય છે કે ડિસેમ્બર, 2021માં ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને અમેરિકાએ સંવેદનશીલ 'નેવલ ન્યુક્લિયર પ્રોપલ્શન ઈન્ફોર્મેશન'ના આદાન–પ્રદાનની મંજૂરી આપતા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

## AUKUS

સપ્ટેમ્બર, 2021માં અમેરિકન વહીવટીતંત્રે ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર માટે નવી ત્રિપક્ષીય સુરક્ષા ભાગીદારીની જાહેરાત કરી હતી.

- આ સુરક્ષા ભાગીદારી ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા વચ્ચે કરવામાં આવી હતી.
- આ સુરક્ષા જૂથને AUKUS તરીકે ઓળખવામાં આવે છે.
- AUKUS એટલે....

A - ઓસ્ટ્રેલિયા

UK - યુનાઈટેડ કિંગ્ડમ

US - અમેરિકા



- આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ અમેરિકા દ્વારા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન ટેક્નોલોજીની વહેંચણી સુનિશ્ચિત કરવાનો છે.
- ઈન્ડો–પેસિફિક ક્ષેત્રોમાં વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા માટે ધ્યાન કેન્દ્રીત કરશે.

## RBI I-CRR બંધ કરશે

તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)એ જાહેરાત કરી હતી કે તે તબક્કાવાર રીતે ઈન્ક્રીમેન્ટલ કેશ રિઝર્વ રેશિયો (I-CRR) બંધ કરશે.

- RBI તબક્કાવાર I-CRR હેઠળ બેંકોએ જાળવી રાખેલી રકમ જાહેર કરશે.

### RBI દ્વારા I-CRR બંધ કરવાની પ્રક્રિયા

I-CRR બંધ કરવાનું સરળ સંક્રમણ સુનિશ્ચિત કરવા અને સિસ્ટમની તરલતાને અચાનક આવતા આંચકાઓને રોકવા માટે તબક્કાવાર અમલમાં મૂકવામાં આવશે.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

- **I-CRR રિવર્સલના પ્રથમ અને બીજા તબક્કામાં દરેક બેંકોના જપ્ત કરાયેલા ભંડોળમાંથી 25% મુક્ત કરવામાં આવશે, બાકીની 50% રકમ ત્રીજા તબક્કામાં બહાર પાડવામાં આવશે.**
- **આ અભિગમનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે આગામી તહેવારોની સિઝન દરમિયાન ધિરાણની વધેલી માંગને પહોંચી વળવા બેંકો પાસે પૂરતી તરલતા છે.**

## I-CRR શું છે ?

**10 ઓગસ્ટ, 2023ના રોજ નાણાકીય નીતિની જાહેરાત અને રૂ.2000ની નોટોના વિમુદ્રીકરણને પગલે RBIએ જાહેર કર્યુ કે બેન્કોએ તેમની ચોખ્ખી માંગ અને સમય જવાબદારીઓ (Net Demand and Time Liabilities - NDTL)માં વધારા પર 10 ટકાનો ઈન્ક્રીમેન્ટલ કેશ રિઝર્વ રેશિયો (I-CRR) જાળવી રાખવાની જરૂર પડશે.**

- **NDTL એ બેંક (જાહેર અથવા અન્ય બેંક)ની માંગ અને સમયની જવાબદારીઓ (થાપણો/જમા) અને અન્ય બેંકો દ્વારા રાખવામાં આવેલી અસ્ક્યામતો તરીકે થાપણો વચ્ચેનો તફાવત છે.**
- **એવું કહેવામાં આવ્યું હતું કે સપ્ટેમ્બર 2023 અથવા તે પહેલા સમીક્ષા કરશે.**

## I-CRR રજૂ કરવાનો હેતુ

**RBIએ બેંકિંગ સિસ્ટમમાં વધારાની લિક્વિડિટીનું સંચાલન કરવા માટે કામચલાઉ પગલા તરીકે I-CRR રજૂ કર્યુ હતું.**

- **2000 રૂપિયાની નોટોના વિમુદ્રીકરણ સહિત સરપ્લસ લિક્વિડિટીમાં અનેક પરિબળોએ યોગદાન આપ્યું હતું.**
- **RBI દ્વારા સરકારને સરપ્લસ ટ્રાન્સફર કરવાથી સરકારી ખર્ચ અને મૂડી પ્રવાહ વધે છે.**
- **આ તરલતા વૃદ્ધિમાં ભાવની સ્થિરતા અને નાણાકીય સ્થિરતાને ખલેલ પહોંચાડવાની ક્ષમતા હતી, જેના માટે કાર્યક્ષમ તરલતા વ્યવસ્થાપનની જરૂર છે.**

## તરલતાની સ્થિતિ પર I-CRRની અસર

**I-CRR ઉપાય બેંકિંગ સિસ્ટમમાંથી રૂ.1 લાખ કરોડથી વધુની તરલતા (Liquidity) શોષી લેશે.**

- **I-CRR આદેશના પરિણામે 21 ઓગસ્ટ, 2023ના રોજ બેંકિંગ સિસ્ટમની તરલતા અસ્થાયી રૂપે ખાદ્યમાં ફેરવાઈ હતી, જે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સંબંધિત આઉટફ્લો અને રૂપિયો સ્થિર કરવા માટે કેન્દ્રીય બેંકના હસ્તક્ષેપને કારણે વધી હતી.**

## કેશ રિઝર્વ રેશિયો (CRR)

બેંકની કુલ થાપણો સામે અનામત (રિઝર્વ) રાખવામાં આવેલી રોકડની ટકાવારી CRR કહેવાય છે.

- પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRB) અને લોકલ એરિયા બેંકો (LAB) સિવાયની ભારતની તમામ બેંકોએ RBI પાસે CRRની રકમ જમા કરવાની રહેશે.
- RBI એક્ટ, 1934 મુજબ પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને સ્થાનિક ક્ષેત્રની બેંકોને RBI સાથે CRR જાળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- જોકે તેઓએ રોકડ અથવા સોના અથવા બિનજરૂરી માન્ય સિક્યોરિટીઝના રૂપમાં CRR જાળવવો પડશે.
- બેંકો કોર્પોરેટ અથવા વ્યક્તિગત ઉધાર લેનારાઓને CRRની રકમ ઉધાર આપી શકતી નથી, બેંકો રોકાણના હેતુઓ માટે રકમનો ઉપયોગ કરી શકતી નથી અને બેંકો તેના પર કોઈ વ્યાજ કમાતી નથી.

## RBI પાસે રોકડ અનામતની જરૂરિયાત

બેંકની થાપણનો એક ભાગ RBI પાસે હોવાથી, તે કોઈપણ કટોકટીની સ્થિતિમાં ભંડોળની સલામતીની ખાતરી કરે છે.

- જ્યારે ગ્રાહકો તેમની થાપણો પાછી માંગે ત્યારે તરત જ રોકડ ઉપલબ્ધ થાય છે.
- CRR ફુગાવાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.
- જો અર્થતંત્રમાં ઊંચા ફુગાવાનું જોખમ હોય, તો RBI દ્વારા CRR વધારવામાં આવે છે, જેથી બેંકોને અનામત (રિઝર્વ)માં વધુ નાણા રાખવાની જરૂર પડે, જેનાથી બેંકો પાસે ઉપલબ્ધ નાણાની માત્રામાં અસરકારક રીતે ઘટાડો થાય.
- તે અર્થતંત્રમાં નાણાના વધારાના પ્રવાહને રોકે છે.
- જ્યારે બજારમાં ભંડોળ વધારવાની જરૂર હોય છે, ત્યારે RBI CRR દર ઘટાડે છે, જે બેંકોને રોકાણના હેતુઓ માટે મોટી સંખ્યામાં વ્યવસાયો અને ઉદ્યોગોને લોન આપવામાં મદદ કરે છે.
- લોઅર CRR પણ અર્થતંત્રના વિકાસ દરને વેગ આપે છે.
- દરેક કોમર્શિયલ બેંકે CRR અને અન્ય નાણાકીય સાધનો જાળવવા જરૂરી છે, પરંતુ NFBC નહીં.

## ડિમોનેટાઈઝેશનના કિસ્સામાં RBI દ્વારા I-CRRનો ઉપયોગ

RBIએ ડિમોનેટાઈઝેશન દરમિયાન તરલતામાં અચાનક વધારો થવાના કિસ્સામાં I-CRR લાગુ કરવાનું પસંદ કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- RBIએ નવેમ્બર 2016માં રૂ.500 અને રૂ.1000ની બેન્ક નોટોના વિમુદ્રીકરણ બાદ I-CRR રજૂ કર્યો હતો.
- તેનાથી RBI નાણાકીય નીતિના અન્ય પાસાઓને અસર કર્યા વિના મુદ્દાને ઉકેલવા માટે પરવાનગી આપે છે.
- ખાસ કરીને ડિમોનેટાઈઝેશન જેવી અનોખી પરિસ્થિતિઓમાં આ ચોકસાઈ મહત્ત્વપૂર્ણ હોઈ શકે છે.
- I-CRR પ્રમાણમાં ઝડપથી લાગુ કરી શકાય છે.
- જ્યારે ડિમોનેટાઈઝ્ડ નોટો પાછી ખેંચી લેવા જેવી મોટા પાયાની ઘટનાને કારણે તરલતામાં અચાનક વધારો થાય છે, ત્યારે કેન્દ્રીય બેંકને એક સાધનની જરૂર પડી શકે છે જે તાત્કાલિક અમલમાં લાવી શકાય છે.
- I-CRRને સામાન્ય રીતે કામચલાઉ ઉપાય ગણવામાં આવે છે.
- જ્યારે અસ્થાયીરૂપે વધારાની તરલતા શોષવાની જરૂર હોય ત્યારે તે શરૂ કરી શકાય છે અને જ્યારે તરલતાની સ્થિતિ સ્થિર થાય છે ત્યારે તબક્કાવાર રીતે બહાર નીકળી શકે છે.
- પરંતુ બીજી તરફ અન્ય સાધનો જેવા કે રેપો રેટ, સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR) વગેરેની લિક્વિડિટી પર લાંબાગાળાની અને ધીમી અસર થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. કયા દિવસે 'વિશ્વ શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(C)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 5 નવેમ્બર (D) 5 ડિસેમ્બર **(A)**

3. તાજેતરમાં કયા દિવસના રોજ 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 5 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(A)**

4. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'SAMPRITI' નામની કવાયત યોજાઈ હતી ?

(A) નેપાળ (B) બાંગ્લાદેશ (C) શ્રીલંકા (D) મ્યાનમાર **(B)**

5. તાજેતરમાં સમાચારોમાં રહેલ AUKUS શું છે ?

(A) જાપાન દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ

(B) અમેરિકાના સૈન્યનું લડાયક હેલિકોપ્ટર

(C) ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા વચ્ચે કરવામાં આવેલા સુરક્ષા ભાગીદાર કરાર

(D) ભારત દ્વારા નિર્મિત સ્વદેશી મિસાઈલ **(C)**

6. તાજેતરમાં RBIએ જાહેરાત કરી હતી કે તબક્કાવાર રીતે I-CRR બંધ કરશે. આ I-CRRનું પૂરું નામ જણાવો.

(A) Incremental - Cash Reserve Ratio (B) Inflaction - Cash Reserve Ratio

(C) Index - Cash Reserve Ratio (D) Internal - Cash Reserve Ratio **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નાગોર્નો-કારાબાખ પર અઝરબૈજાન-આર્મેનિયા સંઘર્ષ

તાજેતરમાં અઝરબૈજાને વિવાદિત નાગોર્નો–કારાબાખ પ્રદેશમાં લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી.

- જેના પરિણામે આ ક્ષેત્રમાં ઘણા લોકોના મૃત્યુ થયા હતા.
- આ કામગીરી/અભિયાન અઝરબૈજાન અને આર્મોનિયા વચ્ચે પ્રદેશ પર લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો એક ભાગ છે.

### નાગોર્નો-કારાબાખ સંઘર્ષ શું છે ?

નાગોર્નો–કારાબાખ એ કાકેશસ પ્રદેશ (કાળો સમુદ્ર અને કેસ્પિયન સમુદ્ર વચ્ચેનો આંતરખંડીય પ્રદેશ)નો પર્વતીય પ્રદેશ છે.

- જેને આર્મેનિયાના લોકો આર્ટસખ અથવા આર્ટાખ (Artsakh) તરીકે ઓળખે છે.
- તે આંતરરાષ્ટ્રીય સ્તરે અઝરબૈજાનના ભાગ તરીકે ઓળખાય છે પરંતુ તેના રહેવાસીઓ મુખ્યત્વે વંશીય રીતે આર્મેનિયમ છે.
- તેમની પોતાની સરકાર છે જે આર્મેનિયા સાથે ગાઢ સંબંધો ધરાવે છે પરંતુ આર્મેનિયા અથવા અન્ય કોઈ દેશ દ્વારા સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત નથી.
- 1980ના દાયકાના અંત ભાગમાં સોવિયેત યુનિયનના પતન બાદ આ પ્રદેશે અઝરબૈજાનથી સ્વતંત્રત્તા જાહેર કરી ત્યારથી નાગોર્નો–કારાબાખ સંઘર્ષ ચાલું છે.
- આ પ્રદેશ પર આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે પ્રથમ યુદ્ધ 1980ના દાયકાના અંતમાં થયું હતું, જે 1994માં યુદ્ધ વિરામ સાથે સમાપ્ત થયું હતું.
- જેના પરિણામે નાગોર્નો–કારાબાખ અને કેટલાક આસપાસના વિસ્તારો આર્મેનિયન નિયંત્રણ હેઠળ આવ્યા હતા.
- બંને પક્ષો દ્વારા આ યુદ્ધવિરામનું ઘણી વખત ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને શાંતિપૂર્ણ ઉકેલ માટે વાટાઘાટોના ઘણા પ્રયાસો નિષ્ફળ ગયા છે, જેના પરિણામ સ્વરૂપે બંને વચ્ચે વર્તમાન સંઘર્ષ પણ ચાલું છે.
- અઝરબૈજાને 2020માં બીજુ યુદ્ધ શરૂ કર્યુ હતું, જેમાં તેમની જીત થઈ હતી અને આસપાસના સાત જિલ્લાઓ અને નાગોર્નો–કારાબાખના ત્રીજા ભાગ પર ફરીથી નિયંત્રણ મેળવ્યું હતું.
- 2020માં બીજા કારાબાખ યુદ્ધ પછી રશિયાએ આ ક્ષેત્રમાં 1,960 રશિયન દળોની તૈનાતીને મંજૂરી આપતા શાંતિ સોદો કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## આર્મેનિયા

તે કાકેશસ પ્રદેશમાં એક લેન્ડ લોક દેશ છે, જેની સરહદ પશ્ચિમમાં તુર્કી, ઉત્તરમાં જ્યોર્જિયા અને પૂર્વમાં અઝરબૈજાન છે.

- તેની રાજધાની યેરેવન છે.
- આર્મેનિયા એક પર્વતીય દેશ છે.
- આર્મેનિયામાં સૌથી ઊંચું શિખર માઉન્ટ અરાર્ટ છે.

## અઝરબૈજાન

અઝરબૈજાન એશિયા ખંડનો એક દેશ છે, જેની સરહદ રશિયા, જ્યોર્જિયા, આર્મેનિયા અને ઈરાન સાથે છે.

- આ દેશની પૂર્વ સરહદ કેસ્પિયન સમુદ્રથી ઘેરાયેલી છે.
- ઉત્તર અને પશ્ચિમનો મોટાભાગનો ભાગ કાકેશસ પર્વતોથી ઢંકાયેલો છે.
- અઝરબૈજાનની રાજધાની બાકુ છે.
- અઝરબૈજાન તેલ અને કુદરતી ગેસથી સમૃદ્ધ છે.
- અઝરબૈજાનના એક લોકપ્રિય સ્થળ યાનાર દા ખાતે કેસ્પિયન સમુદ્રની નજીક 65 કરતા વધુ વર્ષોથી કુદરતી રીતે શાશ્વત આગ સળગી રહી છે, એવું માનવામાં આવે છે કે આ માટે ઈંધણનો સ્ત્રોત પ્રાકૃતિક ગેસનો સ્ત્રાવ છે.
- આ અનોખી ઘટના અઝરબૈજાનના ઉપનામ 'ધ લેન્ડ ઓફ ફાયર'ને અનુરૂપ છે.

**નોંધ :** નાગોર્નો–કારાબાખ સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે વાતચીતની સુવિધા આપવા માટે ઓર્ગેનાઈઝેશન ફોર સિક્યુરિટી એન્ડ કોઓપરેશન ઈન યુરોપ (OSCE) દ્વારા મિન્સક જૂથની રચના કરવામાં આવી હતી. આ જૂથની અધ્યક્ષતા રશિયા, યુએસ અને ફ્રાન્સ દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# UNCTADએ ભારતનો 2023 વૃદ્ધિ અનુમાન વધારીને 6.6% કર્યો

યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)એ 2023 માટે ભારતની આર્થિક વૃદ્ધિ અનુમાન અગાઉના અંદાજિત 6% થી વધારીને 6.6% કર્યું છે.

- જોકે તે વર્ષ 2024માં થોડી ધીમી ગતીથી 6.2%ની વૃદ્ધિનું અનુમાન લગાવે છે.
- UNCTAD એવી આશા રાખે છે કે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ 2023માં ઘટીને 2.4% થશે, પરંતુ 2024માં તેમાં 2.5%નો થોડો વધારો જોવા મળ્યો છે.

**નોંધ:** (1) યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ની સ્થાપના 1964માં વિશ્વ અર્થતંત્રમાં વિકાસશીલ દેશોના વિકાસ–મૈત્રીપૂર્ણ એકીકરણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી.

(2) UNCTAD એ કાયમી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડમાં જીનીવા ખાતે આવેલું છે.



**1.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'નાગોર્નો–કારાબાખ' કયા બે દેશ વચ્ચેનો વિવાદસ્પદ પ્રદેશ છે ?

(A) અમેરિકા–મેક્સિકો (B) ચીન–તાઈવાન

(C) અઝરબૈજાન–આર્મેનિયા (D) ઈઝરાયેલ–પેલેસ્ટાઈન **(C)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ આર્મેનિયા વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. તે એક પર્વતીય દેશ છે અને તેની રાજધાની યેરેવન છે.
2. તેની સરહદ તુર્કી, જ્યોર્જિયા અને અઝરબૈજાન સાથે જોડાયેલી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

**3.** તાજેતરમાં સમાચારમાં રહેલ અઝરબૈજાન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેની રાજધાની બાકુ છે.
2. આ દેશની પૂર્વ સરહદ કેસ્પિયન સમુદ્રથી ઘેરાયેલી છે.
3. અઝરબૈજાન તેલ અને કુદરતી ગેસથી સમૃદ્ધ છે.
4. તેના વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી વહાગ્ન ખાચતુર્યન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(B)**

**4.** તાજેતરમાં UNCTADએ ભારતનો 2023 વૃદ્ધિ અનુમાન 6% થી વધારીને કેટલો કર્યો છે ?

(A) 6.6% (B) 7.0% (C) 7.6% (D) 8.2% **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 07 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ (World Cotton Day)



સમગ્ર વિશ્વમાં 7 ઓક્ટોબરના રોજ 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'વિશ્વ કપાસ દિવસ'નું આયોજન સૌપ્રથમ વર્ષ 2019માં કરવામાં આવ્યું હતું.
- આંતરરાષ્ટ્રીય વેપાર, આર્થિક વિકાસ અને ગરીબી નાબૂદીમાં કપાસ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ કપાસ દિવસની ઉજવણી કરે છે.
- પેટા સહારા આફ્રિકામાં ચાર કપાસ ઉત્પાદકો – બેનિન, બુર્કિના ફાસો, ચાડ અને માલિ–જેને 'કોટન ફોર' તરીકે ઓળખવામાં આવે છે. તેઓએ વિશ્વ વેપાર સંગઠનને દર વર્ષે 7 ઓક્ટોબરે આ દિવસ મનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- કપાસ એ એક ફેબ્રિક છે જે વિશ્વભરના 100 બિલિયન પરિવારોને લાભ આપે છે.

નોંધ : (1) 7 ઓક્ટોબર, 2020ના રોજ ભારત સરકારે 'વિશ્વ કપાસ દિવસ' નિમિત્તે પ્રથમ વખત ભારતીય કપાસ માટે બ્રાન્ડ અને લોગો લોન્ચ કર્યો હતો.

(2) ત્યારબાદ ભારતના પ્રીમિયમ કપાસને વિશ્વ કપાસના વેપારમાં 'કસ્તુરી કપાસ' (Kasturi Cotton) તરીકે ઓળખવામાં આવે છે.

(3) કપાસને સફેદ સોના તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-કેનેડા સંબંધો (India-Canada Relations)

જૂન 2023માં કેનેડિયન ખાલિસ્તાની નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે કેનેડિયન વડાપ્રધાને ભારત સરકારના એજન્ટો પર આરોપ મૂક્યા બાદ ભારત અને કેનેડાના સંબંધો વણસ્યા હતા.

### India-Canada Relations

ભારત અને કેનેડા વચ્ચે વહેંચાયેલ લોકશાહી મૂલ્યો પર આધારિત લાંબા સમયથી દ્વિપક્ષીય સંબંધો છે.

- ભારત અને કેનેડા વચ્ચે વહેંચાયેલ લોકશાહીના મૂલ્યો બે સમાજોની બહુ–સાંસ્કૃતિક, બહુ–વંશીય અને બહુધાર્મિક પ્રકૃતિ અને મજબૂત લોકો–થી–લોકો સંપર્કો પર આધારિત લાંબા સમયથી દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.
- 2015માં ભારતના વડાપ્રધાનશ્રીની કેનેડાની મૂલાકાતે વ્યૂહાત્મક ભાગીદારી માટે દ્વિપક્ષીય સંબંધોને ઉન્નત બનાવ્યા હતા.

## રાજકીય સંબંધો

ભારતે 1947માં કેનેડા સાથે રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા.

- ભારત અને કેનેડા વચ્ચે લોકશાહી, માનવ અધિકાર, કાયદાનું શાસન અને બહુમતીવાદ જેવા સહિયારા સિદ્ધાંતો પર આધારિત લાંબા સમયથી દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.
- કેનેડાએ 1948માં કાશ્મીરમાં લોકમતને સમર્થન આપ્યું હતું, જે બંને દેશો દ્વારા વહેંચાયેલા રાજદ્વારી સંબંધોને પ્રતિબિંબિત કરે છે.

## આર્થિક સંબંધો



ભારત 2022માં કેનેડાનું દસમું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું, જે તેને દેશ માટે પ્રાથમિકતાનું બજાર બનાવે છે.

- ભારત અને કેનેડા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વાર્ષિક 6 બિલિયન ડોલરનો હતો અને કેનેડામાં ભારતીય રોકાણનું મૂલ્ય 4 બિલિયન ડોલરથી વધુ હતું.
- ઈન્વેસ્ટ ઈન્ડિયા અનુસાર એપ્રિલ 2000 થી માર્ચ 2023 સુધી લગભગ 3,306 મિલિયન ડોલરના રોકાણ સાથે કેનેડા ભારતમાં 18મું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે.
- 600થી વધુ કેનેડિયન કંપનીઓ ભારતમાં હાજરી ધરાવે છે. અને 1000થી વધુ કેનેડિયન કંપનીઓ ભારતીય બજારમાં સક્રિયપણે બિઝનેસ કરી રહી છે.
- બંને દેશો માલસામાન, સેવાઓ, રોકાણ અને વેપાર સુવિધાઓમાં વેપાર સહિત 'વ્યાપક આર્થિક ભાગીદારી કરાર' (Comprehensive Economic Partnership Agreement-CEPA) માટે તકનીકી વાટાઘાટોમાં રોકાયેલા છે.
- કેનેડામાં ભારતીય કંપનીઓ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, સોફ્ટવેર, સ્ટીલ, નેચરલ રિસોર્સિસ અને બેન્કિંગ સેક્ટર જેવા ક્ષેત્રમાં સક્રિય છે.
- કેનેડામાં ભારતની નિકાસમાં ફાર્મા, આયર્ન, સ્ટીલ, રસાયણો, રત્ન અને ઝવેરાત, પરમાણુ રિએક્ટર અને બોઈલરનો સમાવેશ થાય છે.

## પ્રવાસી જોડાણ (Diaspora Connections)

કેનેડા વિશ્વના સૌથી મોટા ભારતીય ડાયસ્પોરામાંનું એક હોસ્ટ કરે છે, જેમાં ભારતીય મૂળના 16 લાખ લોકોની સંખ્યા છે.

- જે કુલ કેનેડિયન વસતીના 3%થી વધુ અને 7,00,000 બિન–નિવાસી ભારતીયો (NRI) ધરાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શિક્ષણ અને નવીનતા

કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ હવે કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સમગ્ર વસતીના આશરે 40%નો સમાવેશ કરે છે.

- શાસ્ત્રી ઈન્ડો–કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ (SICI) એ 1968થી ભારત અને કેનેડા વચ્ચે શિક્ષણ અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપતી એક અનન્ય દ્વિ–રાષ્ટ્રીય સંસ્થા છે.
- કેનેડાની બૌદ્ધિક સંપદા કાર્યાલય અને ભારતના ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ (DIPP) બૌદ્ધિક સંપદા અધિકારો (IPR)ના ક્ષેત્રમાં સહકારને મજબૂત કરવા સંમત થયા હતા.

## વ્યૂહાત્મક મહત્વ

કેનેડિયન અર્થવ્યવસ્થાને વૈવિધ્યકરણ કરવા માટે ભારત તેની ઈન્ડો–પેસિફિક વ્યૂહરચના હેઠળ એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે.

## વિજ્ઞાન અને ટેક્નોલોજી

ઈન્ડો–કેનેડિયન વિજ્ઞાન અને ટેક્નોલોજી સહકાર મુખ્યત્વે ઔદ્યોગિક સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત છે.

- જે નવા આઈ.પી., પ્રક્રિયાઓ, પ્રોટોટાઈપ્સ અથવા ઉત્પાદનોના વિકાસ દ્વારા એપ્લિકેશનની સંભાવના ધરાવે છે.
- IC-IMPACTS પ્રોગ્રામ હેઠળ બાયોટેક્નોલોજી વિભાગ આરોગ્ય સંભાળ, કૃષિ–બાયોટેક અને કચરો વ્યવસ્થાપનમાં સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ લાગુ કરે છે.
- ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ સાયન્સ અને પોલર કેનેડાએ કોલ્ડ ક્લાઈમેટ (આર્કટિક) સ્ટડિઝ પર જ્ઞાનના આદાનપ્રદાન અને વૈજ્ઞાનિક સંશોધન માટે એક કાર્યક્રમ શરૂ કર્યો છે.

## સ્પેસ ક્ષેત્રના સંબંધો

ISRO અને કેનેડિયન સ્પેસ એજન્સી (CSA)એ બાહ્ય અવકાશના સંશોધન અને ઉપયોગના ક્ષેત્રમાં MoU પર હસ્તાક્ષર કર્યા છે.

- ISROની વાણિજ્યિક શાખા, ANTRIXએ કેનેડાથી ઘણા નેનો સેટેલાઈટ લોન્ચ કર્યા છે.
- ISROએ 2018માં લોન્ચ કરેલા તેના 100માં ઉપગ્રહ PSLVમાં શ્રીહરિકોટા થી કેનેડિયન પ્રથમ LEO (લો અર્થ ઓર્બિટ) ઉપગ્રહ પણ લોન્ચ કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરમાણુ સહકાર

કેનેડા સાથે 2010માં ન્યુક્લિયર કોઓપરેશન એગ્રીમેન્ટ (NCA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે વર્ષ 2013માં અમલમાં આવ્યું હતું.

- જેના પરિણામે સિવિલ ન્યુક્લિયર કોઓપરેશન પર સંયુક્ત સમિતિની રચના થઈ હતી.

## કેનેડા

કેનેડા એ ઉત્તર અમેરિકાનો એક દેશ છે.




- તેના દસ પ્રાંતો અને ત્રણ પ્રદેશો એટલાન્ટિક મહાસાગરથી પેસિફિક મહાસાગર અને ઉત્તર તરફ આર્કટિક મહાસાગર સુધી વિસ્તરે છે.
- કેનેડા ક્ષેત્રફળમાં (રશિયા પછી) વિશ્વનો બીજો સૌથી મોટો દેશ છે.
- કેનેડા વિશ્વનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતો દેશ છે.
- અમેરિકા સાથેની તેની સરહદ વિશ્વની સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય જમીન સરહદ છે.
- કેનેડાની રાજધાની ઓટાવા છે.
- તેનું ચલણ કેનેડિયન ડોલર છે.

નોંધ : કેનેડાના વર્તમાન વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડો છે.(ઓક્ટોબર, 2023ની સ્થિતિએ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર **(A)**

2. 'ભારત–કેનેડા સંબંધો' (India-Canada Relations) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. ભારતે 1947માં કેનેડા સાથે રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા.
2. કેનેડા સાથે 2010માં ન્યુક્લિયર કોઓપરેશન એગ્રીમેન્ટ (NCA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
3. શાસ્ત્રી ઈન્ડો–કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ (SICI) એ 1968થી ભારત અને કેનેડા વચ્ચે શિક્ષણ અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપતી એક અનન્ય દ્વિ–રાષ્ટ્રીય સંસ્થા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. કેનેડાની રાજધાનીનું નામ જણાવો.

(A) સેન્ટ જોન્સ (B) ઓટાવા (C) આલ્બર્ટા (D) કોલમ્બિયા **(B)**

4. વિશ્વની સૌથી મોટી ભૂમિ સરહદ નીચેનામાંથી કયા બે દેશ વચ્ચે છે ?

(A) આર્જેન્ટિના–ચીલી (B) ભારત–બાંગ્લાદેશ

(C) યુ.એસ.એ.–કેનેડા (D) કઝાકિસ્તાન–રશિયા **(C)**

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **સ્વચ્છતા હી સેવા અભિયાન**

ભારતીય સંસ્કૃતિની વિચારધારા રહી છે કે, જ્યાં સ્વચ્છતા છે ત્યાં શુદ્ધતા છે, જ્યાં શુદ્ધતા છે ત્યાં પવિત્રતા છે, જ્યાં પવિત્રતા છે ત્યાં પ્રભુતા છે અને જ્યાં પ્રભુતા છે ત્યાં દિવ્યતા છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત રાજ્યમાં 15 સપ્ટેમ્બરથી 15 ઓક્ટોબર, 2023 સુધી ચાલનારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનને સાર્થક કરવા રાજ્યના વિવિધ જિલ્લાના ગામોમાં જાહેર સ્થળોની સાફ–સફાઈ, નદી કિનારાઓની સફાઈ સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. નોંધનીય છે કે ભારત સરકારના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા તારીખ 15 સપ્ટેમ્બરથી તારીખ 15મી ઓક્ટોબર, 2023 સુધી દેશવ્યાપી 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'કચરામુક્ત ભારત'ની થીમ સાથે સળંગ એક મહિનો અભિયાન ચાલ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **નોઈડા 2.0 માસ્ટર પ્લાન**

દાદરી–નોઈડા–ગાઝિયાબાદ ઈન્વેસ્ટમેન્ટ રિજન (DNGIR) માટેનો માસ્ટર પ્લાન જેને ઘણીવાર નોઈડા 2.0 તરીકે ઓળખવામાં આવે છે, તેણે આ વિસ્તારની અંદરની હાલની વસતી માટે 'નો રિલોકેશન પોલિસી' રજૂ કરીને એક નવીન અભિગમ અપનાવ્યો છે. પરંપરાગત પ્રોજેક્ટ્સથી વિપરીત આ યોજનાનો ઉદ્દેશ્ય હાલના ગ્રામીણ સમૂદાયોને 2041 સુધીમાં ઉભરતા ઔદ્યોગિક અને આર્થિક લેન્ડસ્કેપમાં એકીકૃત કરવાનો છે. નોઈડા 2.0 નેશનલ કેપિટલ રિજન (NCR)માં નોઈડાના વિસ્તરણ, ઔદ્યોગિક વિસ્તરણ માટે મર્યાદિત જગ્યાના વધતા પડકારોને સંબોધિત કરે છે. પરંપરાગત અભિગમથી દૂર જઈને નોઈડા 2.0 નો માસ્ટર પ્લાન હાલની ગ્રામીણ વસતીને ઉભરતા ઉદ્યોગો અને ક્ષેત્રોમાં સમર્પિત કરવા માટે સમર્પિત છે.

➤ **એરપોર્ટ કોડ**

ઉત્તરપ્રદેશના જેવરમાં નિર્માણધીન નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટને તાજેતરમાં ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) દ્વારા અનન્ય આંતરરાષ્ટ્રીય ત્રણ–અક્ષર કોડ 'DXN' એનાયત કરવામાં આવ્યો છે. DXNમાં 'D' નો અર્થ દિલ્હી, 'N' નો અર્થ નોઈડા અને 'X' નો અર્થ વિશ્વવ્યાપી કનેક્ટિવિટી છે. એરપોર્ટ કોડ વિશ્વભરના એરપોર્ટ માટે અનન્ય ઓળખકર્તા તરીકે સેવા આપે છે. આ કોર્ડનો ઉપયોગ ટિકિટો અને બોર્ડિંગ પાસથી લઈને એરપોર્ટના વિવિધ ચિન્હો વગેરે પર થાય છે, તે સરળ અને સીમલેસ મુસાફરીના અનુભવ માટે મહત્વપૂર્ણ છે.

➤ **ટોટો ભાષા : પશ્ચિમ બંગાળ**

પશ્ચિમ બંગાળમાં માત્ર 1600 લોકો દ્વારા બોલાતી ટોટો ભાષા લુપ્ત થવાના આરે છે. જોકે ટોટો ભાષાને સાચવવામાં મદદ કરવા માટે 7 ઓક્ટોબર, 2023ના રોજ કોલકાતામાં 'ટોટો વોકેબ્યુલરી' નામનો ત્રિભાષી શબ્દકોશ (ટોટો–બંગાળી–અંગ્રેજી) બહાર પાડવામાં આવ્યો હતો. ટોટો ભાષા એ ચીન–તિબેટીયન ભાષા છે જે ભૂટાનની સરહદે પશ્ચિમ બંગાળના ભાગોમાં ટોટો જાતિના લોકો દ્વારા બોલવામાં આવે છે. ટોટો એ એક આદિમ અને અલગ આદિવાસી જૂથ છે. જે પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ટોટોપારા નામના વિસ્તારમાં રહે છે.

➤ **રાષ્ટ્રીય હળદર બોર્ડ**



તાજેતરમાં ભારત સરકારે રાષ્ટ્રીય હળદર બોર્ડની સ્થાપના કરી છે. ભારત વિશ્વમાં હળદરનો સૌથી મોટો ઉત્પાદક (વૈશ્વિક હળદર ઉત્પાદનનો 75%), ઉપભોક્તા અને નિકાસકાર છે. રાષ્ટ્રીય હળદર બોર્ડની સ્થાપનાનો ઉદ્દેશ્ય દેશની અંદર ઉદ્યોગના વિકાસ અને વિસ્તરણને વધારવાનો છે. બોર્ડમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરેલા અધ્યક્ષ, આયુષ મંત્રાલય ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગ, ત્રણ રાજ્યોની રાજ્ય સરકારના વરિષ્ઠ પ્રતિનિધિ, સંશોધનમાં સામેલ રાષ્ટ્રીય/રાજ્ય સંસ્થાઓ, પસંદગીના હળદર ખેડૂતો અને નિકાસકારોના પ્રતિનિધિઓ હશે. તથા બોર્ડના સચિવની નિમણૂક વાણિજ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બોર્ડ ભારતમાં મસાલા બજારના વિકાસ અને વિસ્તરણમાં મદદ કરશે તેવી અપેક્ષા છે, જે હળદરના વિશ્વ વેપારમાં 62% થી વધુ હિસ્સો ધરાવે છે.

➤ **નાગાલેન્ડની મિલક નદીમાં માછલીની નવી પ્રજાતિઓ મળી આવી**



તાજેતરમાં સંશોધકોએ નાગાલેન્ડની મિલક નદીમાં અગાઉની અજાણી માછલીની પ્રજાતિ બદીસ લિમાકુમીની ઓળખ કરી છે. નવી પ્રજાતિનું નામ નાગાલેન્ડની ફઝલ અલી કોલેજમાં પ્રાણીશાસ્ત્રના પ્રોફેસર લિમાકુમના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે તેની ઓપરક્યુલર કરોડરજ્જુની નજીક સ્થિત તેના અનન્ય ઓપરક્યુલર સ્પ્લોચ અને તેના શરીરની બાજુઓ અને ક્લિથ્રમ પર ફોલ્લીઓની ગેરહાજરી તેમજ બાજુના ભીંગડામાં ઘટાડો કરે છે, જે તેને અન્ય માછલીથી અલગ પાડે છે. બદીડે અથવા બદીસ જાતિ સાથે સંબંધિત તાજા પાણીની માછલીઓનું જૂથ ઘણીવાર ધીમી અથવા મધ્યમ વહેતી નદીઓમાં જોવા મળે છે. આ માછલી ભારત, બાંગ્લાદેશ, નેપાળ, પાકિસ્તાન, થાઈલેન્ડ અને મ્યાનમારના વિવિધ પ્રદેશોમાં રાંધણ વાનગીઓમાં લોકપ્રીય ઉમેરો છે.

➤ **NewsClick સામે UAPA કલમો લાદવામાં આવી**

ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ NewsClick ગેરકાયદે ભંડોળ મેળવવાના આરોપોને કારણે તપાસ હેઠળ છે. એવું માનવામાં આવે છે કે આ ભંડોળ ચીન અને અમેરિકા દ્વારા મોકલવામાં આવ્યું હતું. આ આરોપોને કારણે FIR નોંધવામાં આવી છે. NewsClick વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી FIRમાં ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA)ની વિવિધ કલમોનો ઉપયોગ સામેલ છે. તેમાં કલમ 16 મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ વિભાગ આંતકવાદી કૃત્યો માટે સજા સાથે સંબંધિત છે. UAPAની કલમ 16 'આતંકવાદી કૃત્યો'ને વ્યાખ્યાયિત કરે છે અને સજા કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્રએ NLFT અને ATTF પર પ્રતિબંધ મૂક્યો**

ભારતમાં ગૃહ મંત્રાલયે ત્રિપુરા સ્થિત બળવાખોર જૂથો નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા (NLFT) અને ઓલ ત્રિપુરા ટાઈગર ફોર્સ (ATTF) તેમજ તેમના આનુષંગિકો પર પાંચ વર્ષના સમયગાળા માટે પ્રતિબંધ મૂકતું ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ પ્રતિબંધ વિધ્વંસક પ્રવૃત્તિઓમાં સામેલ થવા અને ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતા માટે ખતરાને કારણે લગાવવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયની દલીલ છે કે આ બળવાખોર જૂથો સરકારની સત્તાને નબળી પાડતી અને લોકોમાં ભય અને આતંક ફેલાવતી વિધ્વંસક અને હિંસક પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ છે. આ પ્રવૃત્તિઓ ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે હાનિકારક માનવામાં આવે છે.

➤ **વેલી ક્વીન હેરિટેજ ટ્રેન : રાજસ્થાન**



રાજસ્થાને તેની વિશિષ્ટ હેરિટેજ ટ્રેન સેવા, વેલી ક્વીન હેરિટેજ ટ્રેન શરૂ કરી છે. 5 ઓક્ટોબરથી મારવાડ જંકશન થી ખમલીઘાટ સુધીની તેની મુસાફરી શરૂ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોધપુરથી આ અનોખી રેલ સેવાનું વર્ચ્યુઅલ રીતે ઉદ્‌ઘાટન કર્યુ હતું. વેલી ક્વીન હેરિટેજ ટ્રેન રાજસ્થાનની એકમાત્ર હેરિટેજ ટ્રેન સેવા છે. તે 150 વર્ષ જૂના સ્ટીમ એન્જિનની ડિઝાઈનની નકલ કરે છે, જે મુસાફરોને નોસ્ટાલ્જિક અનુભવ પ્રદાન કરે છે.

➤ **તેલંગાણા માટે સરક્કા સેન્ટ્રલ ટ્રાઈબલ યુનિવર્સિટીને મંજૂરી**

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે તેલંગાણામાં સરાક્કા સેન્ટ્રલ ટ્રાઈબલ યુનિવર્સિટીની સ્થાપનાને મંજૂરી આપી હતી. જેનું નામ તેલંગાણા રાજ્યમાં આદિજાતિની આદરણીય શકસિયત સંમક્કા–સરક્કાના નામ પરથી રાખવામાં આવ્યું છે. સમ્માક્કા–સરક્કા મેદારમ જાત્ર તરીકે પણ ઓળખાય છે, જે કુંભ મેળા પછીનો ભારતનો બીજો સૌથી મોટો મેળો છે, જે તેલંગાણાના બીજા સૌથી માટા આદિવાસી સમુદાય–કોયા આદિજાતિ દ્વારા ચાર દિવસ સુધી ઉજવવામાં આવે છે.

## વિશ્વ

➤ **ભારત અને આર્જેન્ટિનાએ 'સામાજિક સુરક્ષા કરાર' પર હસ્તાક્ષર કર્યા**


ભારત અને આર્જેન્ટિનાએ એક મહત્વપૂર્ણ સામાજિક સુરક્ષા કરાર (SSA) પર હસ્તાક્ષર કર્યા છે જેનો ઉદ્દેશ્ય બંને દેશોમાં સામાજિક સુરક્ષાના યોગદાનના સંદર્ભમાં વ્યાવસાયિકો અને કામદારોના અધિકારોનું રક્ષણ કરવાનો છે. સામાજિક સુરક્ષા કરાર ભારતમાં નોકરી કરતા વ્યક્તિઓ માટે વૃદ્ધાવસ્થાના લાભો, સર્વાઈવર પેન્શન અને કાયમી, કુલ વિકલાંગતા પેન્શન સંબંધિત ક્ષેત્રોને આવરી લે છે. આર્જેન્ટિનામાં, તે સામાજિક સુરક્ષા પ્રણાલી દ્વારા પ્રદાન કરવામાં આવતા યોગદાન લાભોને લાગુ પડે છે. કરાર એ સુનિશ્ચિત કરે છે કે અલગ કરાયેલા કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો કે જેઓ અસ્થાયી રૂપે બીજા દેશમાં કામ કરે છે. તેઓ સ્થાનિક કાયદા હેઠળ ફાળો આપનારા લાભો માટેના તેમના અધિકારો ઘટાડો, ફેરફાર, સસ્પેન્શન, દમન અથવા રોક્યા વિના જાળવી રાખે છે.

### ➤ ફિનલેન્ડે વિશ્વનો સૌપ્રથમ ડિજિટલ પાસપોર્ટ લોન્ચ કર્યો



ફિનલેન્ડ ડિજિટલ પાસપોર્ટ લોન્ચ કરનારો વિશ્વનો સૌપ્રથમ દેશ બની ગયો છે. ડિજિટલ પાસપોર્ટ વાસ્તવમાં મોબાઈલ એપ્લિકેશન છે, જે પ્રવાસીને તેના સ્માર્ટફોન પર તેના પાસપોર્ટની માહિતી સ્ટોર કરવાની અને રજૂ કરવાની તક પૂરી પાડે છે. આમ પ્રવાસીએ પાસપોર્ટની ફિઝિકલ કોપી રાખવાની જરૂર પડતી નથી. પ્રવાસનને સરળ બનાવવાની દિશામાં ફિનલેન્ડે આ મહત્ત્વનું પગલું લીધું છે. ફિનલેન્ડે ડિજિટલ પાસપોર્ટનો 28 ઓગસ્ટ, 2023ના રોજ ફિનએર, ફિનપોલીસ અને એરપોર્ટ ઓપરેટરના સહયોગમાં પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. નોંધનીય છે કે પોલેન્ડ, સાઉથ કોરિયા, અમેરિકા અને બ્રિટન પણ ડિજિટલ પાસપોર્ટ લોન્ચ કરવાની તૈયારીમાં છે.

### ➤ R21/મેટ્રિક્સ-એમ મેલેરિયા રસી



તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ ઓક્સફર્ડ યુનિવર્સિટી અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા સહ–વિકસિત R21/Matrix-M મેલેરિયા રસીનો ઉપયોગ કરવાની ભલામણ કરી છે. મેટ્રિક્સ-M ઘટક એ અધિકૃત સેપોનિન–આધારિત સહાયક છે જે નોવાવેક્સ દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે અને સ્થાનિક દેશોમાં ઉપયોગ માટે સીરમ સંસ્થાને લાયસન્સ આપવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આ રસી ઘાના, નાઈજીરીયા અને બુર્કિના ફાસોમાં ઉપયોગ માટે લાયસન્સ આપવામાં આવ્યું છે.






1. તાજેતરમાં ઐતિહાસિક છાબ તળાવનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. તે કયાં આવેલું છે ? – દાહોદ
2. ગુજરાત રાજ્યમાં પર્વતોની સફાઈ માટે _____ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. – પર્વત પવિત્રતા અભિયાન
3. તાજેતરમાં કયા સ્થળે એગ્રી એશિયાનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ગાંધીનગર
4. ભારતના સૌથી વધુ વસતી ધરાવતા રાજ્ય _____ એ તેના 95,769 ગામોમાં 100% ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) + દરજ્જો હાંસલ કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. – ઉત્તરપ્રદેશ
5. તાજેતરમાં કયાં દેશમાં 'વુશ' હાઈ–સ્પીડ રેલવેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ? – ઈન્ડોનેશિયા
6. તાજેતરમાં કેરળના પશ્ચિમ ઘાટમાં MIT-વર્લ્ડ પીસ યુનિવર્સિટીના સંસધકોએ એક નવી ડેમસેલ્ફલાય પ્રજાતિની શોધ કરી છે, જેને _____ નામ આપવામાં આવ્યું છે. – આર્મગેડન રીડટેલ
7. તાજેતરમાં કયાં દેશે Fuzhou-Xiamen-Zhangzhov રેલવે લાઈનનું અનાવરણ કર્યુ છે ? – ચીન
8. _____ રાજ્યમાં દક્ષિણ લોનાક સરોવરમાં ભંગાણને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવ્યું હતું. – સિક્કિમ
9. તાજેતરમાં _____ એ વાયુપ્રદૂષણને પહોંચી વળવા માટે 'ગ્રીન વોર રૂમ' શરૂ કર્યો છે. – દિલ્હી સરકાર
10. મિલિટરી નર્સિંગ સર્વિસ (MNS)એ 1 ઓક્ટોબર, 2023ના રોજ તેનો કેટલામો સ્થાપના દિવસ ઉજવ્યો હતો ? – 98મો
11. તાજેતરમાં યુ.એસ. હાઉસ સ્પીકર _____ અવિશ્વાસનો મત હારી ગયા હતા. – કેવિન મેક્કાર્થી
12. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે શાળાઓમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના ગંભીર મુદ્દાઓને ઉકેલવા માટે ડ્રાફટનું અનાવરણ કર્યુ છે. આ માર્ગદર્શિકા _____ નામથી ઓળખાય છે. – UMMEED
(UMMEEDનું પૂરું નામ 'Understand, Motivate, Manage, Empathise, Empower, Develop' છે.)
13. Al-mohed - Al Hindi-23 કયા બે દેશ વચ્ચેની નૌસેના કવાયત છે ? – ભારત–સાઉદી અરેબિયા
14. તાજેતરમાં _____ ના મટીરિયલ્સ રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ માટે સૂર્યપ્રકાશથી ચાલતું મિમિક એન્ઝાઈમ વિકસાવ્યું છે. – ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc)
15. 'વિક્ટર 6000' જે ટાઈટન સબમર્સિબલના બચાવ કામગીરીમાં સામેલ હતું, તે કયા દેશમાં વિકસાવવામાં આવ્યું હતું ? – ફ્રાન્સ
(વિક્ટર 6000 એ ફ્રેન્ચ રોબટ છે જે ટાઈટન સબમર્સિબલના બચાવ કામગીરીમાં સામેલ હતો, તે પાણીની અંદર 20,000 ફૂટ (6000 મીટર) સુધી ડાઈવિંગ કરવામાં સક્ષમ છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. પ્લાસ્ટિક પ્રદૂષણને સંબોધવા માટે કઈ સંસ્થાએ 'સ્ટાન્ડર્ડ IS 18267 : 2023' બહાર પાડ્યું હતું ?
– બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)

17. કયા કેન્દ્રીય મંત્રાલયે 'PM-કિસાન મોબાઈલ એપ વિથ ફેસ ઓથેન્ટિકેશન ફીચર' લોન્ચ કર્યું છે ?
– કૃષિ અને પરિવાર કલ્યાણ મંત્રાલય

18. કયો દેશ 'મિનરલ્સ સિક્યોરિટી પાર્ટનરશિપ (MSP)'માં આગળ છે ? – યુએસએ

19. Kyriakos Mitsotaki કયા દેશના વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા ? – ગ્રીસ

20. કયા જૂથે 'સોલિડેરિટી એક્સરસાઈઝ' નામની સંયુક્ત લશ્કરી કવાયત હાથ ધરી હતી ? – ASEAN

21. ફ્રાન્સે સ્વચ્છ ઊર્જા માટે ફાસ્ટ–ટ્રેક સંક્રમણ માટે કયા દેશ સાથે સહયોગ કર્યો છે ? – UAE

22. તાજેતરમાં ઓડિશા કેબિનેટે ભારતીય બંધારણની 8મી અનુસૂચિમાં _____ ભાષાનો સમાવેશ કરવા માટેની દરખાસ્તની ભલામણ કરી હતી. – કુઈ ભાષા

23. કયા જિલ્લામાં 'તેરા પર્વ'ની ઉજવણી કરવામાં આવી હતી ? – ડાંગ

24. વિશ્વ સિંહ દિવસ નિમિત્તે કઈ મોબાઈલ એપ્લિકેશન રજૂ કરવામાં આવી હતી ? – સિંહ સૂચના

25. પંજાબ રાજ્ય ડાંગરની કઈ જાત પર પ્રતિબંધ મૂકશે ? – પ્રસા-44

26. બિહાર સરકારે ન્યાયિક સેવાઓ અને કાયદાની કોલેજોમાં EWS માટે કેટલા ટકા અનામત જાહેર કર્યું છે ?
– 10%

27. "રેરા" માં ચેમ્પર્સન તરીકે કયા નિવૃત્ત IAS અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી ? – સુશ્રી અનિતા કરવાલ






# 50% BIG DISCOUNT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર **₹325/-**

**Click Here**

**30+ વિષયો**

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

E-Books

Daily Weekly & Final Mock Test

LECTURE PDF

READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

### સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT